**સુવિચાર**
આદર્શ ગૃહિણી પોતાના નૈતિકબળ અને કૌસલ્યથી પતિ ઉપરાંત સર્વ કુટુંબીજનોને ખોટા માર્ગથી પાછા વાળી શકે છે.
:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૦/૧૨/૨૦૨૪, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ-પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છાપવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યું. : વિક્રમ સંવત ૨૦૮૧ માગશર વદ-૫ વર્ષ : ૧૬ અંક : ૦૦૭

શીયાળાની કડકડતી ઠંડીમાં સ્વાદ અને સ્વાસ્થ્ય વર્ધક શુધ્ધ ઘી માં...
હરિૐ PENDAWALA
અડદીયા
ગુંદરપાક
મેથીલાડું
હરિૐ પેંડાવાળા
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

ડેસ્ટિનેશન વેડીંગ કરો ગુજરાત ના સૌથી મોટા રિસોર્ટ માં સાસણ ગીર
૭૭ વીઘાં નો રીસોર્ટ
• ૧૦૦ રૂમ
• રેન ડાન્સ એરિયા
• વેડિંગ હોલ
• પૂલ સાઈડ વેડિંગ
• પાર્ટી પ્લોટ
• રિસોર્ટ ની બધી એમિનીટીઝ
માત્ર રૂ. 4,99,000 માં
300 મેમ્બર્સ માટે
GreenWoods
Lords
Call:+91 9898 1212 17, +91 97371 43311
Vishal Lords Inn Gir Forest, Near Madhubanti Dam, Malanka Gir

## સાવરકુંડલા, રાજુલા અને ધારી ખાતે સેવકો દ્વારા આવેદનપત્ર પાઠવાયા

# સતાધારનાં મહંત પૂ. વિજયબાપુ સામેના આક્ષેપોનાં ઘેરા પ્રત્યાઘાતો

**સતાધારની જગ્યા સાથે અમરેલી જિલ્લા સહિત દેશ-વિદેશનાં લાખો લોકોની આસ્થા જોડાયેલી છે**

**પૂ. વિજયબાપુ સામે પાયાવિહોણા આક્ષેપ કરનાર વિરૂધ્ધ કાર્યવાહી કરવાની માંગ**

**અમરેલીમાં આજે સર્વધર્મ સમાજનાં લોકો દ્વારા આવેદનપત્ર પાઠવવામાં આવશે**

**ઘણા દિવસોથી ચાલતા વિવાદને લઈને સરકારે યોગ્ય કાર્યવાહી કરવી જરૂરી બની**



અમરેલી, તા. ૧૯

સતાધારનાં ગાદીપતી પૂ. વિજયબાપુ સામે પાયા વિહોણા આક્ષેપો થતાં તેના ઘેરા પ્રત્યાઘાતો અમરેલી જિલ્લામાં પડયા છે. આજે સાવરકુંડલા, રાજુલા, ધારી ખાતે આવેદનપત્ર પાઠવીને નારાજગી વ્યકત કરવામાં આવી છે. આવતી કાલે અમરેલી ખાતે પણ સેવકો દ્વારા આવેદનપત્ર પાઠવવામાં આવશે.

**સાવરકુંડલા**

સાવરકુંડલા ખાતે આવેલ પૂ. કાનજીબાપુની જગ્યાના વિશાળ મેદાનમાં સાંપ્રત સમયમાં સત્તાધાર મહંત પૂ. વિજયબાપુ ઉપર કરવામાં આવેલા પાયા વગરના આક્ષેપો વિરૂદ્ધ પોતાની લાગણી સત્તાધાર મહંત પ્રત્યે સમર્થન દર્શાવવા અને આ મિથ્યા આરોપો કરનાર સામે કાયદાની મર્યાદામાં રહીને યોગ્ય કાર્યવાહી કરીને આવા મિથ્યા આરોપો કરનારને ખુલ્લા પાડી યોગ્ય નશ્યત કરવા સંદર્ભે સમસ્ત જ્ઞાતિ સમાજની મિટિંગ સંતો મહંતોની ઉપસ્થિતિમાં મળી હતી. જેમાં ઠરાવ્યા મુજબ આજરોજ બપોરે બે વાગ્યે કાનજીબાપુની જગ્યાએથી વિવિધ જ્ઞાતિ સમાજના પ્રતિનિધિઓ એકઠા થઈને મોટર સાયકલ દ્વારા સંપૂર્ણ શાંત અને લોકતાંત્રિક ઢબે સાવરકુંડલાના સત્તાધાર આપા ગીગામાં અખૂટ શ્રદ્ધા ધરાવનારા સેવકો સમેત તમામ અહીંથી ધારાસભ્યની કચેરીએ તથા પ્રાંત અધિકારી કચેરી પહોંચી પ્રાંતને આવેદનપત્ર પાઠવ્યું હતું અને આવા સનાતન ધર્મને બદનામ કરવાના ષડયંત્રમાં કોણ સામેલ છે? તેની તલસ્પર્શી તપાસ હાથ ધરી દૂધનું દૂધ અને પાણીનું પાણી સાબિત કરવા સરકાર દ્વારા તપાસ હાથ ધરી આવા ખોટા આરોપ કરનારને સખ્ત રીતે નશ્યત કરવાની માંગ પણ કરવામાં આવી.

**રાજુલા**

સૌરાષ્ટ્રની સુપ્રસિધ્ધ સતાધાર જગ્યાના મહંત વિજયબાપુ સામે થઈ રહેલા આક્ષપોને લઈ રાજુલા પંથકમાં ઘેરા પ્રત્યાઘાત પડયા. પ્રજાપતિ સમાજ દ્વારા બાઈક રેલી કાઢી પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપી જગ્યા અને મહંતને બદનામ કરનારા સામે યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી. સતાધારના મહંત વિજયબાપુના સમર્થનમાં આજે રાજુલા પંથકના પ્રજાપતિ સમાજ સતાધારના સમર્થનમાં ઉતર્યા. રાજુલા માર્કેટિંગયાર્ડથી પ્રાંત કચેરી સુધી બાઈક રેલી કાઢી પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપી રજૂઆત કરવામાં આવી હતી. સતાધાર જગ્યાને અને મહંતને અસામાજિક તત્વો દ્વારા બદનામ કરવામાં આવી રહ્યા છે. સતાધાર જગ્યા વર્ષોથી આસ્થાનું કેન્દ્ર રહ્યું છે જગ્યાના મહંત સામે ખોટા આક્ષેપો કરી સનાતન ધર્મને બદનામ કરવામાં આવે છે અને ધાર્મિક લાગણી દુભાવામાં આવે છે. મહંત સામે ખોટા આક્ષેપો કરવામાં આવ્યા છે તેની યોગ્ય તપાસ કરી સત્ય સુધી જઈ જગ્યા બદનામથી અટકાવવામાં આવે, બદનામ કરનાર સામે યોગ્ય કાર્યવાહી કરવાની માંગ સાથે આવેદનપત્ર આપી રજૂઆત કરવામાં આવી.

**ધારી**

સૌરાષ્ટ્રની સુપ્રસિદ્ધ સતાધાર જગ્યાના મહંત વિજયબાપુ સામે થઈ રહેલા આક્ષેપોના અમરેલી જિલ્લામાં ઘેરા પ્રત્યાઘાતો પડયા છે ને આજે ધારી પંથકના જુદા જુદા સમાજના લોકો સતાધારના સમર્થનમાં સામે આવીને પ્રાંત કલેકટરને આવેદનપત્ર પાઠવ્યું હતું ને આક્ષેપો કરનારા સામે કાર્યવાહી કરવાની માંગણી કરવામાં આવી હતી.

અનુસંધાન પાના ૬ ઉપર

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
67,600/- (૧૦ ગ્રામ)
રહેલ તા. ૧૯/૧૨/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

અમરેલી એક્સપ્રેસ
૧૯માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે
હાર્દિક શુભકામના
અમરેલી જિલ્લાના સર્વાંગી વિકાસ માટે ૧૫ વર્ષથી દિવસ-રાત ભારે જહેમત ઉઠાવતા "અમરેલી એક્સપ્રેસ" દૈનિકના ૧૯માં વર્ષના મંગલ પ્રારંભે હાર્દિક અભિનંદન સહ શુભકામનાઓ.....
:શુભેચ્છક:
શ્રી મયુરભાઈ ડી.માંજરીયા
(એડવોકેટ-ગુજરાત હાઈકોર્ટ)
મંત્રી : પ્રદેશ ભાજપ (ઓ.બી.સી.-સેલ)
અમરેલી

અમરેલી એક્સપ્રેસ
૧૯માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે
હાર્દિક શુભકામના
અમરેલી જિલ્લાના સર્વાંગી વિકાસ માટે ૧૫ વર્ષથી દિવસ-રાત ભારે જહેમત ઉઠાવતા "અમરેલી એક્સપ્રેસ" દૈનિકના ૧૯માં વર્ષના મંગલ પ્રારંભે હાર્દિક અભિનંદન સહ શુભકામનાઓ.....
:શુભેચ્છક:
શ્રી પિયુષભાઈ જે. શુકલ
(એડવોકેટ)
કન્વીનર : અમરેલી જિલ્લા ભાજપ લીગલ સેલ - અમરેલી

ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૦૨

શિયાળામાં સૌથી વધુ થતી બીમારીઓ
નવજીવન જનરલ હોસ્પિટલ
સાંધાનો દુખાવો
બ્રેઈન સ્ટ્રોક (પેરાલિસિ)
હૃદયરોગ (હાર્ટ એટેક)
સીઝનલ ફ્લૂ
અસ્થમા
શરદી ઉદરસ
કોઈપણ પ્રકારની જટિલ બીમારી હોય કે, સાધારણ શરદી ઉદરસ તમારા સ્વાસ્થ્યની સંભાળ માટે આજે જ અમારા નિષ્ણાંતની સલાહ લ્યો.
એપોઈન્ટમેન્ટ માટે સંપર્ક 99782 73000
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
Ph. (02792) 222223
Mo.9978223000

હાર્દિક અભિનંદન સહ શુભકામનાઓ
અમરેલી વકીલ મંડળનાં પ્રમુખપદે શ્રી એન.વી. ગીડા સાહેબ બીનહરિફ વરણી પામતા, આપને ખુબ ખુબ અભિનંદન સહ આપ ઉત્તરોત્તર પ્રગતિ કરતા રહો તેવી શુભકામનાઓ...
શ્રી એન.વી. ગીડા
પ્રમુખ : અમરેલી જિલ્લા વકીલ મંડળ
અમરેલી.
શુભેચ્છક
ઉદયન ત્રિવેદી - એડવોકેટ
ચેરમેન : નોટરી એસોસિએશન (સૌરાષ્ટ્ર ઝોન)
જયેશ પી. ત્રિવેદી
એડવોકેટ એન્ડ નોટરી
હરનીલ ત્રિવેદી
એડવોકેટ
: અમરેલી :

## ‘‘ભણે ગુજરાત, રમે ગુજરાત’’નો નારો માત્ર નારો જ રહી ગયો

# ભાજપનાં રાજમાં શિક્ષણક્ષેત્રની અધોગતિ થઈ રહી છે

**કોલેજો ઈન્ચાર્જ પ્રિન્સિપાલ અને યુનિવર્સિટીઓ ઈન્ચાર્જ કુલપતિઓનાં હવાલે કરી દેવાઈ**

**મનગમતા કુલપતિઓની નિમણૂંક પાછળ ભાજપ–સંઘની ખેંચાખેંચીનાં લીધે શિક્ષણને ભારે નુકસાન**

**રાજયની ૩૫૦ ગ્રાન્ટેડ કોલેજમાંથી ૨૦૦ જેટલી કોલેજોમાં લાંબા સમયથી આચાર્યો નથી**

**પ્રદેશ કોંગી પ્રવકતા ડો. મનિષ દોશીએ સરકાર પર શાબ્દિક પ્રહારો કર્યા**

અમદાવાદ, તા. ૧૯

મનગમતા કુલપતિઓની નિમણૂંક પાછળ ભાજપા–સંઘની આંતરિક ખેંચતાણને લીધે ઉચ્ચ શિક્ષણ અને યુનિવર્સીટીની વ્યવસ્થાને ભારે નુકસાન થઈ રહ્યું છે. કોલેજો ઈન્ચાર્જ પ્રિન્સીપાલોના હવાલે અને યુનિવર્સિટીઓ ઈન્ચાર્જ કુલપતિઓના હવાલે કરીને ભાજપા સરકારે શિક્ષણ વ્યવસ્થાની અધોગતિ કરી છે. તેવા આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવકતા ડો. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, જુનાગઢ યુનિવર્સિટીમાં હાલમાં કાર્યરત ચેતન ત્રિવેદી પ્રોફેસર તરીકે પણ લાયક ન હતા, જે લાગવગ અને ભલામણથી પ્રોફેસર બન્યા અને બે વર્ષમાં જુનાગઢ યુનિવર્સિટીના લાયકાત ન ધરાવતા કુલપતિ બન્યા. ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી જૂનાગઢના કુલપતિ ચેતન ત્રિવેદીનો કાર્યકાળ ૨૦/૭/૨૦૨૨ ના રોજ પૂર્ણ થયાને આજે બે વર્ષ જેટલો સમય થયો હોવા છતાં ઈન્ચાર્જ તરીકે મનફાવે તે રીતે નિર્ણયો કરી રહ્યાં છે. જે તે સમયના યુનિવર્સિટીના કાયદા મુજબ કુલપતિની સમયમર્યાદા ત્રણ વર્ષની હોય તેમ છતાં ચેતન ત્રિવેદી છ વર્ષથી કુલપતિ અથવા ઈન્ચાર્જ કુલપતિ તરીકે વિશેષ આશીર્વાદથી ચીટકી રહ્યાં છે. જુનાગઢ યુનિવર્સિટીમાં સરકારી નિયમોને નેવે મુકીને કોલેજોનું જોડાણ, પરિક્ષા કેન્દ્ર ફાળવણી, પરિક્ષામાં માર્કસ સુધારા કૌભાંડ, પેપરકૌભાંડ સહિત અનેક નાણાંકીય ગેરરીતિઓ માટે શિક્ષણ વિભાગમાં અરજીઓ સાથે રજુઆત થયા છતાં આજદિન સુધી કોઈ પગલા ભરાયા નથી. સુપ્રિમકોર્ટના સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિની લાયકાત અંગેના ચુકાદામાં સ્પષ્ટપણે આદેશ છતાં અનેક યુનિવર્સિટીઓમાં નિયમ વિરૂધ્ધ કુલપતિઓની નિમણુંક પણ કરવામાં આવી અને તેઓએ સુવિધા સાથે કાર્યકાળ પણ ભોગવ્યો. આજે પણ રાજયની યુનિવર્સિટીઓમાં યુજીસીના નિયમની વિરૂધ્ધ મનગમતિ અને ગોઠવણથી કુલપતિ પદે નિમણુંકો કરવામાં આવી રહી છે. જેનાથી રાજયની શિક્ષણ વ્યવસ્થામાં સાચા પ્રાધ્યાપકોમાં નિરાશાનું વાતાવરણ ઉભુ થયું છે.

રાજયની ૩૫૦ ગ્રાન્ટેડ કોલેજમાંથી ૨૦૦ જેટલી કોલેજોમાં લાંબા સમયથી કાયમી આચાર્યો નથી. રાજયમાં ૮૩ સરકારી આર્ટસ–કોમર્સ કોલેજો આવેલી છે. તેમાં વર્ગ–૧ની ૧૩, વર્ગ–૨ની ૧૭૭, વર્ગ–૩ની ૧૬૭ અને વર્ગ–૪ની ૧૫૪ જગ્યાઓ ખાલી છે. આ કોલેજોમાં ૧૨૬૪ જગ્યાઓ ભરાયેલી છે જેની સામે ૫૦૬ જગ્યાઓ ખાલી છે. રાજયમાં ૨૬૩ ગ્રાન્ટેડ આર્ટસ–કોમર્સ કોલેજોની સંખ્યા ૨૬૩ છે તેમાં આચાર્યની ૬૫, અધ્યાપકની ૧૫૮૬, પીટીઆઈની ૬૮, ગ્રંથપાલની ૧૨૬, વર્ગ–૩ની ૧૧૭૮ અને વર્ગ–૪ની ૧૩૦૧ જગ્યાઓ ખાલી છે. ખાલી જગ્યાઓ પૈકી ગ્રંથપાલ, વર્ગ–૩ અને વર્ગ–૪ની ૬૦ ટકા કરતા વધુ જગ્યાઓ ખાલી છે. રાજયની ૨૬૩ ગ્રાન્ટેડ આર્ટસ–કોમર્સ કોલેજોમાં ફીજીકલ એજયુકેશન ગ્રંથપાલની ૧૫ વર્ષ કરતા વધુ સમયથી ભરતી કરવામાં આવતી નથી. વહીવટી કર્મચારીની ૬૫ ટકા એટલે કે ૧૧૭૮ જગ્યાઓ અને પટાવાળાની ૧૩૦૧ જગ્યાઓ લાંબા સમયથી ખાલી છે. નવી ભરતી પ્રક્રિયા હાથ ન ધરવાને કારણે નિવૃત્તિ અથવા નિધનથી ખાલી જગ્યાઓમાં સતત વધારો થતો જાય છે.

યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનના આદેશ મુજબ દેશની દરેક યુનિવર્સિટી અને કોલેજોએ નેક ની માન્યતા ફરજીયાત હોવા છતાં ગુજરાતની મોટાભાગની યુનિવર્સિટી અને કોલેજોએ માન્યતા લીધેલ નથી. ગુજરાત રાજયની ૮૩માંથી ૫૫ એટલે કે ૬૬%થી વધુ યુનિવર્સિટીએ નેકની માન્યતા લીધેલ નથી, ગુજરાત રાજયની ૨૨૬૭માંથી ૧૭૬૭ એટલે કે ૭૮% કોલેજોએ નેકની માન્યતા લીધેલ નથી. એક તરફ સ્ટેટ યુનિવર્સિટી એકટ આધારે નેક ધરાવતી કોલેજોના આચાર્યઓને જ બોર્ડ ઓફ મેનેજમેન્ટ–સત્તામંડળમાં સ્થાન મળશે તે જોગવાઈ આગળ કરીને પ્રિન્સીપાલોને નિયુકતીથી વંચિત રાખવામાં આવી રહ્યાં છે બીજીબાજુ ગુજરાતની અનેક યુનિવર્સિટીઓને ખુદને જ નેકનું પુનઃ જોડાણ નથી તો તેની માટે સત્તાધીશો અને રાજય સરકાર કેમ મૌન ? ગુજરાત પબ્લિક યુનિવર્સિટી એક્ટ–૨૦૨૩ અનુસાર રાજયમાં મોટા ભાગની યુનિવર્સિટીમાં બોર્ડ ઓફ મેનેજમેન્ટની રચના કરવામાં આવી નથી અને જયાં રચના થઈ છે ત્યાં ૫૦ ટકા નિયમ મુજબની નિયુકતી કરવામાં આવી નથી. રાજયની યુનિવર્સિટીઓમાં નિમણુંક, ટેન્ડરો સહિત અનેક નાણાંકીય ગોલમાલ–ભ્રષ્ટાચાર એ ભાજપ સરકારમાં સામાન્ય બાબત બની ગઈ છે અને મોટા ભાગના કિસ્સાઓમાં સરકારના ઈશારે ગોલમાલ–ભ્રષ્ટાચાર કરનારને શિક્ષણ વિભાગ બચાવી રહ્યું છે.

---

**ગત રવિવારે બપોરે ૪ વાગ્યાની ઘટના**

## અમરેલીનાં નાના બસ સ્ટેન્ડમાં બસમાં ચડવા જતાં વૃધ્ધનાં પગ ઉપર બસનું ટાયર ફરી વળ્યું

**કાંગસા રૂટની એસ.ટી. બસનાં ચાલક સામે ફરિયાદ**

અમરેલી, તા. ૧૯

ભાવનગર ગામે આવેલ પ્લોટ નં. પ૨૬, આદર્શ સોસાયટી, વિજયરાજનગર રહેતા સંજયભાઈ ધનજીભાઈ મકવાણા ૩૫ વર્ષિય વેપારી યુવકના પિતાજી ધનજીભાઈ મકવાણા ગત તા. ૧૫/૧૨ ના રોજ આશરે ચારેક વાગ્યે અમરેલી ખાતે આવેલ નાના બસ સ્ટેન્ડે પોતાના ઘરે જવા બસની રાહ જોઈને ઉભા હોય. તે દરમ્યાન અમરેલીથી કાંગસા જતી બસ આવતા બસનો કંડકટર સાઈડ આગળનો દરવાજો ખુલો હોય અને બસ શરૂ હાલતમાં હોય ત્યારે વેપારી યુવકના પિતાજી નાના બસ સ્ટેન્ડથી દોડીને દરવાજાનું હેન્ડલ પકડી બસમાં ચડવા જતા અચાનક નીચે પડી જતા બસના આગળના ટાયર તેના પગ ઉપર ફરી જતા તેના બન્ને પગમાં ગંભીર ઈજા થતાં અમરેલીથી કાંગસા જતી એસ.ટી. બસના ચાલક સામે પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

---

**ડો. બાબાસાહેબનું ગૃહમંત્રીએ અપમાન કરતા**

## અમરેલીમાં આજે કોંગ્રેસનાં આગેવાનો જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવશે

**જિલ્લાને કોંગી આગેવાનો પણ જોડાશે**

અમરેલી, તા. ૧૯, ભારતીય બંધારણનાં ઘડવૈયા, વંચિતોના મુકિત દાતા, ભારત રત્ન ડો. બાબાસાહેબ આંબેડકરનું ભારતના ગૃહમંત્રી તેમજ ભારતીય જનતા પાર્ટીના આગેવાનો દ્વારા થતા અપમાન બાબતે કલેકટરએ આવેદનપત્ર આપવા તમામ કોંગ્રેસી કાર્યકર્તાઓ, સામાજીક અગ્રણીઓ, વિવિધ સંસ્થાના આગેવાનો ઉપસ્થિત રહેશે.

---

**ડીસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા રજૂઆત**

## અમરેલીમાં ઈન્દિરા શોપિંગ સેન્ટર અને ટાવરથી દેરાસર સુધી પેવિંગ બ્લોક લગાવો

**નાયબ દંડકને પત્ર પાઠવવામાં આવ્યો**

અમરેલી, તા. ૧૯

અમરેલી ડીસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા નાયબ દંડકને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, હાલમાં ઈન્દિરા શોપિંગ સેન્ટરમાં રોડ સાઈડમાં પેવિંગ બ્લોક નાખવાનું કામ શરૂ હોય ત્યારે ઈન્દિરા શોપિંગ સેન્ટરની પાછળની બજારમાં પેવિંગ બ્લોક નાખવાના બાકી રહી ગયા હોય તે કામ પુર્ણ કરવા તેમજ ટાવરથી જુના દેરાસર સુધી સાઈડમાં પેવિંગ બ્લોક નાખવાના બાકી હોય તે કામ પૂર્ણ કરવા તથા ટાવરનું જે રીનોવેશન કામ બકરવાનું હોય તે કામ જલ્દીથી ચાલુ થાય અને અમરેલી શહેરની રોનકમાં વધારો હોય થાય તેમ અંતમાં જણાવેલ છે.

---

**તાલુકા કોંગી પ્રમુખ મનિષ ભંડેરીનું નિવેદન**

## ડો. બાબાસાહેબ આંબેડકરનું અપમાન કરનાર ગૃહમંત્રી રાજીનામુ આપે

**ભાજપ પ્રથમથી જ બંધારણ વિરોધી હોવાનો આક્ષેપ**

અમરેલી, તા. ૧૯

તાજેતરમાં જ ભારત દેશના ગૃહમંત્રી અમિત શાહે લોકસભાના ચાલુ સત્રમાં ભારત રત્ન, બંધારણના રચયિતા ડોકટર બાબા સાહેબ આંબેડકરનું ઘોર અપમાન કરીને ગૃહમંત્રીએ પોતાની હલકી માનસિકતા સાબિત કરી દીધી છે, દેશના ગૃહમંત્રીને ખબર નથી કે પોતે ચૂંટાઈને જે લોકસભામાં જઈને લોકસભાનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે તે ડોકટર બાબા સાહેબઆંબેડકરના બંધારણને આભારી છે, આમ તો આરએસએસ અને ભાજપ પક્ષ અને તેના નેતાઓ પહેલેથી જ બંધારણ અને લોકશાહીના વિરોધી રહ્યા છે, ભાજપ પક્ષના એ જ નેતાઓ છે કે જે ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં જો ૪૦૦ કરતાં વધારે બેઠકો જીતીને બંધારણ બદલવાની વાતો કરતા હતા, પરંતુ ભારત દેશની શાણી જનતાએ ભાજપ પક્ષને માત્ર ૨૪૨૦ બેઠકોમાં સીમિત રાખીને બંધારણ બદલવાના સપનાઓ ચકનાચૂર કરી દીધા હતા, જેનો બદલો લેવા માટે ભાજપ પક્ષના નેતાઓ અવાર–નવાર ભારત દેશના આઝાદીના લડવૈયાઓ અને બંધારણના ઘડવૈયાઓનું ઘોર અપમાન કરી રહ્યા છે, જેને હવે ભારત દેશની જનતા કયારે સહન કરશે નહીં, જો ભારત દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી બંધારણ અને ડોકટર બાબા સાહેબ આંબેડકરને માનતા હોય તો તાત્કાલિક ધોરણે ગૃહમંત્રી અમિત શાહનું રાજીનામું લઈને ભાજપ પક્ષમાંથી તેમની હકાલપટ્ટી કરવી જોઈએ અને જો નરેન્દ્ર મોદી આવું ન કરી શકે તો એનો મતલબ એવો થયો કે અમિત શાહના નિવેદનના સમર્થનમાં દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ પક્ષ પણ સામેલ છે, તેમ અમરેલી તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનીષ ભંડેરીએ નિવેદનમાં જણાવેલ છે.

---

**યુવા ધારાસભ્ય અને નાયબ દંડક કૌશિક વેકરિયા**

## અમરેલી જિલ્લામાં ‘‘આત્મા ગામડાનો, સુવિધા શહેરની’’ વિભાવનાને ચરિતાર્થ માટે સતત પ્રયત્નશીલ

**સાજીયાવદર, કોલડા અને સનાળીયામાં રૂપિયા ૨.૪૦ કરોડનાં કાર્યો શરૂ**





અમરેલી, તા. ૧૯

અમરેલીના ધારાસભ્ય અને વિધાનસભાના નાયબ મુખ્યદંડક કૌશિકભાઈ વેકરીયાના હસ્તે ગતરોજ અમરેલી–કુંકાવાવ તાલુકાના સાજીયાવદર, કોલડા અને સનાળીમાં આશરે રૂ. ૨.૩૭ કરોડના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યું હતું. સર્વજન હિતાય, સર્વજન સુખાયના મૂળમંત્રને સાર્થક કરવાના હેતુથી મતવિસ્તારના છેવાડાના નાગરિકોની સુખાકારીમાં ઉત્તરોતર વધારો કરવા પ્રાથમિક શિક્ષણ, આરોગ્ય, ખેતી અને ખેડૂત તેમજ રોડ રસ્તા અને સિંચાઈને મુખ્ય લક્ષ્યમાં રાખીને આ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

અમરેલી તાલુકાના સાજીયાવદર ગામે રૂા. ૩૮ લાખના ખર્ચે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તથા અનુસૂચિત.જાતિ વિસ્તારમાં રૂા. ૦૩ લાખના ખર્ચે સીસી રોડના કામનું ખાતમહૂર્ત કરવામાં આવ્યું હતું. રૂ. ૪૧ લાખના ખર્ચે વિકસિત થનારી આ સુવિધાઓથી સાજીયાવદરના ગ્રામજનોની સુખાકારીમાં વધારો થશે તેવો વિસ નાયબ દંડકએ વ્યકત કર્યો હતો.

કુકાવાવ તાલુકાના કોલડા ગામે રૂ. ૮૪ લાખના ખર્ચે પ્રાથમિક શાળાના કામનું ખાતમહૂર્ત તથા એગ્રીકલ્ચર શેડ,તથા ૩ બ્લોક રોડના કામનું લોકાર્પણ કર્યુ હતું. કુકાવાવ અને વડિયાના વિવિધ પ્રશ્નોને હંમેશા પ્રાધાન્યતા આપી અને જિલ્લા મથક અમરેલી સાથે ગ્રામ્ય વિસ્તારોના વિકાસને પ્રાધાન્ય આપવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

સિંચાઈ અને ખેતી માટે પાણીના પ્રશ્નોની રજૂઆતને જોતા સનાળી ખાતે ચેકડેમનું નિર્માણ કરવામાં આવશે. ગુરૂવારે ગ્રામજનો અને આગેવાનોની ઉપસ્થિતિમાં ચેકડેમનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. સનાળી ખાતે ૭૧ મીટર લંબાઈ અને ૧.૭૦ મીટર ઉંચાઈનો અંદાજે રૂ. ૧.૧૫ કરોડના ખર્ચે નવો ચેકડેમ તૈયાર થશે. આ ચેકડેમમાં ૮.૨૫ કરોડ લીટર પાણીનો સંગ્રહ થતા ૨૧ હેકટર વિસ્તારમાં સિંચાઈનો લાભ મળશે. ચેકડેમના નિર્માણથી પાણીના તળ ઉંચા આવશે અને સમગ્ર વિસ્તાર નંદનવન બનશે.

આ પ્રસંગે કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે, તાજેતરમાં જ રાજયમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં સરકારે સેવા અને સમર્પણ અને સુસાશનના બે વર્ષના પૂર્ણ કર્યા છે. અમરેલી જિલ્લા માટે રાજય સરકારે ખોળો પાથરી દીધો છે. વિકાસનો મૂળમંત્ર અમારો પ્રયેય છે. સર્વજન હિતાય, સર્વજન સુખાય એટલે કે સેના વ્યાપક હિત અને સુખાકારી માટે જે કઈ કાર્યો કરવાના થશે તેના માટે અમે કર્તવ્યબદ્ધ છીએ. આ કડીના ભાગરૂપે આજે અમરેલી વડિયા કુંકાવાવના મતવિસ્તારને વિકાસ કાર્યોની ભેટ મળી છે.

આ પ્રસંગે જિલ્લા પંચાયત તાલુકા પંચાયતના ચૂંટાયેલા પદાધિકારીઓ, તાલુકા ભાજપ સંગઠનના હોદેદારો, ગ્રામ પંચાયતના આગેવાનો સહિત મોટી સંખ્યા વિસ્તારના રહીશો ઉપસ્થિત રહ્યા હતા.

---

## રાજુલાનાં ડોળીના પટ વિસ્તારમાં જુગાર રમતા ૪ પત્તાપ્રેમી ઝડપાયા



અમરેલી, તા. ૧૯

રાજુલા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર વી.એમ.કોલાદરાની સૂચનાથી રાજુલા પોલીસ ટીમે રાજુલા ડોળીના પટ્ટ વિસ્તારમાં આવેલ રાજુભાઈ બટુકભાઈ સોલંકીના રહેણાંક મકાન સામે આવેલ ખુલ્લી શેરીમાં જાહેરમાં ટ્રીટલાઈટના અંજવાળે પૈસા પાના વડે તીન–પત્તીનો જુગાર રમતા રાજુલા રહેતા રાજુભાઈ બટુકભાઈ સોલંકી, હિતેષભાઈ રાજુભાઈ વાઘ, નૌસાદભાઈ જુસબભાઈ દલ, સલીમભાઈ ઈસ્માઈલભાઈ પઠાણ સહિત ૪ ઈસમોને રોકડા રૂપિયા ૧૦,૫૯૦ તથા જુગારના સાહિત્યના સાથે ઝડપી પાડી ધોરણસરની કાર્યવાહી કરેલ છે.

‘‘અમરેલી એકસપ્રેસ’’
અમરેલી શહેરમાં આપને ‘‘અમરેલી એકસપ્રેસ’’ દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

---

**તાલુકા કોંગ્રેસ અને ડો. બાબાસાહેબ યુવા ગૃપ દ્વારા**

## લીલીયામોટા : ડો. બાબાસાહેબ આંબેડકરનાં અપમાનનાં વિરોધમાં આવેદનપત્ર પાઠવાયું

**દેશનાં ગૃહમંત્રી અમિત શાહ દેશની માફી માંગે**





લીલીયા મોટા, તા. ૧૯

લીલીયા મોટા ખાતે ડો. બાબા સાહેબ આંબેડકર યુવા ગ્રુપ લીલીયા તાલુકા અને તાલુકા કોંગ્રેસ પરિવાર દ્વારા ડોકટર બાબા સાહેબ આંબેડકરના અપમાન બદલ આજરોજ લીલીયા મામલતદાર કચેરી ખાતે મામલતદારને આવેદન પત્ર પાઠવાયુ જે આવેદન પત્રમાં માંગ કરવામાં આવેલ છે કે ભારત રત્ન અને બંધારણના ઘડવૈયા અને દેશને સમાનતા અને બંધુત્વ લાવનાર ડો. બાબા સાહેબ આંબેડકરનું તાજેતરમાં દેશના ગ્રુહમંત્રી સંસદ ભવનમાં જે અપમાન કરેલ છે તે ખુબ નિંદનીય છે તેને સખ્ખત શબ્દોમા વખોડવામાં આવેલ અને આ બાબતે ગૃહમંત્રી અમિત દેશની માફી માંગે અને દેશના વડાપ્રધાન આ બાબતે યોગ્ય કાર્યવાહી કરે તેવી માંગણી આવેદન પત્ર મારફત કરવામાં આવેલ.

દેશના કરોડો લોકો ડો. બાબા સાહેબને આદર્શ માને છે અને તેમના કારણે દેશના સામાન્યમાં સામાન્ય માણસને સમાનતા અને શિક્ષણ અને એકતાનો ઉદય થયો છે ત્યારે આવી મહાન વિભુતી વિશે અયોગ્ય ટીપ્પણીને સખ્ખત શબ્દોમાં વખોડવામાં આવેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## નેસડી, ડેડકડી, મઢડા, પીઠવડી સહકારી મંડળીની મુશ્કેલી

# અમરેલી જિલ્લાની ૪ મંડળીઓને આવકવેરાની કરોડો રૂપિયાની નોટિસ

### આવકવેરા વિભાગે પાંચથી ૩૫ લાખ સુધીનું શેર ભંડોળ ધરાવતી મંડળીને કરોડોની નોટિસ ફટકારતા ચકચાર

અમરેલી, તા. ૧૯

અમરેલી જિલ્લામાં આવેલ નેસડી, ડેડકડી, મઢડા અને પછઠવડી સેવા સહકારી મંડળીને આવકવેરા વિભાગે ૧૯ લાખથી લઈને ૧૦ કરોડ સુધીની પેનલ્ટીની નોટિસ ફટકારતાં જિલ્લાનાં સહકારી જગતમાં ચકચાર મચી ગઈ હોય પ્રધાનમંત્રી અને સહકારમંત્રીની "સહકાર સે સમૃધ્ધિ કી ઔર"ની યોજના કેવી રીતે સાકાર થશે તેવો પ્રશ્ન ઉપસ્થિત થયો છે.

જે મંડળીઓ માત્ર ૧ ટકા માર્જીનથી ગામડામાં કૃષિ ધિરાણનું વર્ષોથી કામ કરે છે જેનું કુલ શેર ભંડોળ રૂા. ૩૫ લાખ છે તેને રૂા. ૮ કરોડની, જેનું રૂા. ૩૦ લાખ છે તેને રૂા. ૧૦ કરોડની પેનલ્ટીની ઈન્કમટેક્ષની નોટિસો અને બેન્ક ખાતા ફ્રીજ કરવાના હુકમો થતાં ખળભળાટ મચી ગયો છે.

### આઝાદી પહેલાથી કાર્યરત સહકારી મંડળીને ક્યારેય ન મળી તેવી નોટિસ મળતાં ખળભળાટ

ગામડામાં આવી સેવા સહકારી મંડળીઓ આઝાદી પહેલાથી અને ત્યારબાદ ૪૦-૫૦ કે ૬૦ વર્ષથી સ્થપાયેલ છે. પહેલા ઈન્કમટેક્ષ રીટર્ન ફાઈલ કરવાનું ફરજીયાત નહોતુ એટલે ઘણી મંડળીઓ સમય મર્યાદામાં રીટર્ન ફાઈલ કરી નથી શકી તેની આ સજા છે. સજા પણ કીડીને કોશના ડામ જેવી ઘટના બની છે.

બીજી તરફ મંડળીઓ (PACS) ને ઈન્કમટેક્ષમાંથી મુકિત છે એટલે ટેક્ષ ચોરી કે ટેક્ષ આકારવાનો સવાલ નથી. તો પણ આ કાયદો તો લગાડવાનો. સત્તાવાળાનું લોજીક કેવું? તો પછી આઈટીમાંથી મુકિતનો મત્તલબ શું? ગામડાની મંડળીની નાની ક્ષતી બદલ આવડી મોટી પેનલ્ટી?

### ''સહકાર સે સમૃધ્ધિ''નો હેતુ આ પ્રકારે કેવી રીતે સિધ્ધ થશે તેવો વેધક પ્રશ્ન

કાયદા નિયમની મરજી મુજબ અમલવારી અને અર્થઘટન કરવાનો ફ્રી પાસ હોય તેમ મંડળીઓ (PACS) સાથે થઈ રહ્યું છે.

પેનલ્ટી એસેસમેન્ટ અને બેન્ક ખાતા ફ્રિજ કરવાના હુકમો પણ બ્રહ્મ વાકય જેવા. અંધા કાનૂનની પ્રતિકૃતિ, અપીલ કરવી હોય તો પણ ૨૦% ભરો પછી જ. મંડળીની બેલેન્સશીટ જોઈને પણ વાસ્તવિકતા નહી સ્વીકારવાની કે આની પાસે ૨૦% તો શું ૫% ભરવાની પણ કુલ મુડી નથી.

આના કારણે આ મંડળીઓના ખેડૂતો પોતાના કપાસ, મગફળી વિગેરે પેદાશો વેચીને પણ મંડળીનું કરજ ભરી શકતા નથી કેમ કે મંડળી બેન્ક ખાતામાં જમા કરાવી શકે નહી. છેવટે નાણાં હોવા છતાં ખેડૂતને વ્યાજનું ચક્ર ચાલું રહે છે.

ગામડાની મંડળીઓની હાલત, આર્થિક સ્થિતિની જમીની હકીકત સરકાર સુધી પહોંચી હશે, એટલે વર્ષ ૨૦૨૩માં જી.આર.નં. પી.નં. ૧૭૩/૨૧/૨૦૨૩-આઈટી-૧, ભારત સરકાર, વિત મંત્રાલય, મહેસુલ વિભાગ, સીધા કરવેરાનું કેન્દ્ર સમિતિ તા. ૨૬ જુલાઈ ૨૦૨૩ બહાર પાડેલ છે. જેની અવગણના કરીને પણ જે નોટિસ આપી છે તેને રીવ્યુ કરવી કે પાછી ખેંચવી કોઈ રેમીડી નહી. આટલી તો નિયમની સખતાઈ અને જડતા.

### દેશનાં પ્રધાનમંત્રી અને સહકાર મંત્રીએ મંડળીઓની મુશ્કેલી દૂર કરવી જરૂરી

આ જડ કાનૂનનો ભોગ સમગ્ર રાજય અને દેશમાં અનેક મંડળીઓ (PACS) બની રહી છે. તેના કારણે સાવરકુંડલાની નેસડી, ડેડકડી, મઢડા, પીઠવડી, ભુવા મંડળીઓના બેન્ક ખાતા ફ્રિજ થયા છે અને મંડળી રા.ખાતરોની સેવા ન આપી શકે, ખેડૂતોના કરજની વસુલાત ન કરી શકે કે અન્ય વ્યવહાર કરી ન શકે. આ સ્થિતિમાં "PACS To MSC" સંકલ્પ અને "સહકાર સે સમૃધ્ધિ"ની ભાવના તરફ કેમ લઈ જશુ ? માત્ર સુત્રમાં જ રહી જાય તેવી સ્થિતિ કરી છે.

જે મંડળીનું કુલ શેર ભંડોળ લાખો રૂપિયાના ફીગરમાં છે એ મંડળીઓને પેનલ્ટી એસેસમેન્ટ કરોડોમાં છે. દા.ત. (૧) નેસડી સેવા સહકારી મંડળી કુલ શેર ભંડોળ રૂા. ૩૪,૭૮,૩૮૦ પેનલ્ટી રૂા. ૮,૦૯,૮૫,૩૧૦ (૨) ડેડકડી સેવા સહકારી મંડળી કુલ શેર ભંડોળ રૂા. ૧૬,૫૧,૬૭૦ પેનલ્ટી રૂા. ૧૦,૦૪,૧૩,૬૫૩ (૩) મઢડા સેવા સહકારી મંડળી કુલ શેર ભંડોળ રૂા. ૪,૪૭,૪૮૦ પેનલ્ટી રૂા. ૧૯,૨૬,૮૨૬ (૪) પીઠવડી સેવા સહકારી મંડળી કુલ શેર ભંડોળ રૂા. ૩૦,૨૨,૯૫૦ પેનલ્ટી રૂા. ૧૦,૦૭,૦૬,૬૭૦.

---

#### પેપર સપ્લાય કંપનીનાં નામે

## અમરેલીનાં વેપારી યુવક સાથે રૂપિયા ૧.૭૦ લાખની છેતરપીંડી

### પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી

અમરેલી, તા. ૧૯

અમરેલીના ચિતલ રોડ ઉપર આવેલ ગુરૂકુપાનગર ૧માં રહેતા કેતનભાઈ જગુભાઈ બોરીચા નામના ૩૦ વર્ષિય વેપારી યુવક હોલસેલ કાગળોનો વેપાર ધંધો કરતા હોય. જેઓને ગત તા. ૧૧/૩/૨૨થી તા. ૨૫/૩/૨૨ દરમિયાન એક અજાણ્યા ઈસમે વ્હોટસએપ મેસેઝથી અનિકુમાર સેલ્સ મેનેજર ફોર આસામ પેપર સપ્લાય કંપની નામના નામથી મોટી ઓળખ આપી આ અજાણ્યા માણસે તેના મો.નં. ૮૧૫૦૦ ૬૮૩૮૦ ઉપરથી વ્હોટસએપ કોલ તથા વ્હોટસેપ મેસેજ કરી વેપારી યુવકે આ અજાણ્યા આરોપી પાસે મંગાવેલ રીમના કાગળોના પેમેન્ટ પેટે પાંચ જુદા-જુદા ઓનલાઈન ટ્રાન્સઝેકશન કરાવી રૂા.૧,૭૦,૭૫૦નું ઓનલાઈન ચીંટીગ, વિસઘાત, છેતરપીંડી કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

---

#### તસ્કરો દેવસ્થાનોને પણ બાકાત કરતા નથી

## ચલાલાનાં સ્વામીનારાયણ મંદિરમાંથી ચાંદીનાં છત્રની ચોરી થતાં ફરિયાદ

### રૂપિયા ૫૮૫૦૦નાં મુદ્દામાલની ઉઠાંતરી

અમરેલી, તા. ૧૯

ચલાલાનાં ચાટોડીપરામાં રહેતા અરૂણભાઈ પોપટભાઈ કાથરોટીયા સ્વામિનારાયણ મંદિરના કોઠારી હોય. જે સ્વામિનારાયણ મંદિરે ગત તા. ૧૭/૧૨ ના દિવસ દરમ્યાન બપોર પછી પાંચથી સાડા પાંચ વાગ્યા દરમ્યાન સ્વામિનારાયણ મંદિરમાં ભગવાનના ગર્ભગૃહમાં ઉપર ચડાવેલા ચાંદીનું સોનાનો ગ્લેપ ચડાવેલ ભગવાનનું છત્તર વજન આશરે ૫૮૧.૮૬૦ ગ્રામ જી.એસ.ટી. સહિત કિંમત રૂપિયા ૫૮,૫૦૦નું કોઈ અજાણ્યો ચોર ઈસમ મંદિરના ગર્ભગૃહમાં પ્રવેશ કરી ભગવાન સ્વામિનારાયણ ઉપર લટકાડેલ ઉપરોકત વર્ણન વજનવાળુ ચાંદીનુ છત્તર ચોરી કરી લઈ ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

---

## અંટાળીયા ખાતે N.S.S. કેમ્પનું આયોજન કરાયું



લીલીયા, તા. ૧૯

લીલીયા તાલુકાના અંટાળીયા ખાતે મહાલ કેળવણી મંડળ સંચાલિત અમૃત બા વિદ્યાલય દ્વારા તારીખ ૧૬ ડિસેમ્બરથી તારીખ ૨૨ ડિસેમ્બર ૨૦૨૪ એમ છ દિવસીય N.S.S. કેમ્પનું આયોજન સંસ્થાના પ્રમુખ અરૂણભાઈ પટેલની અધ્યક્ષતામાં કરવામાં આવેલ આ પ્રસંગે સૌ પ્રથમ સંસ્થાના પ્રમુખ અરૂણભાઈ પટેલ માનદ મંત્રી મગનભાઈ વિરાણી નિયામક બાબુભાઈ ધામત આચાર્ય હસમુખભાઈ કરડના વરદ હસ્તે દીપ પ્રાગટય કરી કેમ્પનો પ્રારંભ કરવામાં આવેલ ત્યારબાદ શાળાની વિદ્યાર્થીનીઓએ પ્રાર્થના અને સ્વાગત ગીત રજૂ કરેલ છ દિવસ કેમ્પ દરમિયાન શાળાના વિદ્યાર્થી ભાઈઓ બહેનો દ્વારા ઘરે ઘરે ફરી જનજાગૃતિ અભિયાન, સ્વચ્છતા અભિયાન સહિતના કાર્યક્રમો કરી લોક જાગૃતિ માટે પ્રયાસો કરશે સમગ્ર કાર્યક્રમ સફળ બનાવવા આચાર્ય હસમુખભાઈ કરડ કન્વીનર જે.ટી આચાર્ય, મનીષાબેન વોરા, સહિત સ્ટાફ કર્મચારીઓએ જહેમત ઉઠાવી છે તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

---

#### અમરેલી જિલ્લામાં ઉઘાડપગા તબીબની સમસ્યા વધી

## ધારીનાં ગોવિંદપુર ખાતેથી ઉઘાડપગા તબીબને એસઓજીએ ઝડપી લીધા

### પોલીસે રૂપિયા ૧૬૩૯૯નો મુદ્દામાલ કબ્જે કર્યો

અમરેલી, તા. ૧૯

અમરેલી એસ.ઓ.જી. ટીમ આવા બોગસ ડોકટરની માહિતી મેળવી અને તેઓ વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવા પ્રયત્નશીલ હોય. જે અન્વયે એસ.ઓ.જી. ટીમ ધારી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હોય તે દરમિયાન ખાનગી બાતમીરાહે હકિકત મળેલ કે ગોવિંદપુર ખાતે રહેતા ભાર્ગવભાઈ રાજુભાઈ ડાભી (બાબરીયા) શાંતિ કલીનીક નામેથી દવાખાનુ કલીનીક ચલાવતા હોય. જે અન્વયે તે જગ્યાએ મેડીકલ ઓફીસર સાથે જઈ રેઈડ કરતા આ ઈસમને એલોપેથીક દવાઓ તથા મેડીકલને લગત સાધન સામગ્રી વસ્તુ નંગ-૨ કુલ કિંમત રૂપિયા ૧૬,૩૯૯ના મુદ્દામાલ સાથે પકડી પાડવામાં આવેલ છે.






























### ભાજપે રાહુલ ગાંધી વિરુદ્ધ સંસદ માર્ગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી

# રાહુલ ગાંધી પર ધક્કો મારવાનો આરોપ ભાજપના સાંસદ પ્રતાપ સારંગી ઈજાગ્રસ્ત

**ભાજપના સાંસદે લોકસભાના વિપક્ષના નેતા રાહુલ ગાંધી પર મોટો આરોપ લગાવતા કહ્યું કે તેમના ધક્કાથી હું પડી ગયો અને મારા માથામાં ઈજા થઈ**

નવી દિલ્હી, તા.૧૯

ભારતીય જનતા પાર્ટીના સાંસદ પ્રતાપ સારંગી ઈજાગ્રસ્ત થઈ ગયા છે. ભાજપના સાંસદ સારંગીનો દાવો છે કે રાહુલ ગાંધીના ધક્કાથી તેઓ ઈજાગ્રસ્ત થયા છે. તેમને હાલ હોસ્પિટલમાં દાખલ કરાયા છે. ભાજપ આ મામલે રાહુલ ગાંધી વિરુદ્ધ એફઆઈઆર દાખલ કરાવી શકે છે. સારંગીએ કહ્યું કે હું સીડીઓ પર ઊભો હતો. રાહુલ ગાંધીએ એક સાંસદને ધક્કો માર્યો અને તે સાંસદ મારા પર પડ્યા. જેનાથી હું પડી ગયો અને ઈજાગ્રસ્ત થયો.

કેન્દ્રીય મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ અને પ્રહ્લાદ જોશી રામ મનોહર લોહિયા હોસ્પિટલ પહોંચી ગયા છે. પ્રતાપ સારંગીના હાલચાલ જાણવા તેઓ હોસ્પિટલ પહોંચ્યા છે. સંસદ પરિસરમાં ભાજપના સાંસદ સાથે ધક્કામુક્કીની જાણકારી પીએમ મોદીને આપવામાં આવી છે. ભાજપના પ્રવક્તા સંબિત પાત્રા પણ રામ મનોહર લોહિયા હોસ્પિટલ પહોંચ્યા અને હાલચાલ જાણ્યા. હોસ્પિટલમાંથી બહાર આવ્યા બાદ પાત્રાએ જણાવ્યું કે હાલ પ્રતાપ સારંગી અને મુકેશ રાજપૂત આઈસીયુમાં છે. બંનેનું ખુબ લોહી વહી ગયું છે. તેઓ ડોક્ટરોની નિગરાણી હેઠળ છે. સંસદમાં દબાણ અને ખેંચાણને લઈને હવે રાજકારણ વધુ ઉગ્ર બન્યુ છે. ભાજપે રાહુલ ગાંધી પર તેના સાંસદોને ધક્કો મારવાનો અને ધક્કામુક્કા કરવાનો આરોપ લગાવ્યો છે, જેમાં બે સાંસદો ઘાયલ થયા છે અને હૉસ્પિટલમાં દાખલ છે. મહિલા સાંસદે રાહુલ ગાંધી પર પણ આરોપ લગાવ્યા છે. આ ધક્કામુક્કી ઘટના અંગે ભાજપ અને કોંગ્રેસ બંનેએ સંસદ માર્ગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ભાજપે પોતાની ફરિયાદમાં રાહુલ ગાંધી પર હત્યાના પ્રયાસનો આરોપ પણ લગાવ્યો છે.

ભાજપે રાહુલ ગાંધી વિરુદ્ધ સંસદ માર્ગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. આ પછી બીજેપી સાંસદ અનુરાગ ઠાકુરે કહ્યું કે, તેમને કાયદાનું ઉલ્લંઘન કરવાની આદત છે. તેમની ઝપાઝપીમાં, બે સાંસદો નીચે પડી ગયા અને ઘાયલ થયા, હત્યાના પ્રયાસની કલમો હેઠળ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. બીએનએસની કલમ ૧૦૯ હેઠળ ફરિયાદ આપવામાં આવી છે. આ ઘટના બાદ પણ રાહુલ ગાંધીનો અહંકાર તૂટ્યો ન હતો અને તેઓ સાંસદોને મળ્યા વગર જ નીકળી ગયા હતા. રાહુલ ગાંધી પોતાને કાયદાથી ઉપર માને છે.

જ્યારે કોંગ્રેસે પણ ફરિયાદ નોંધાવી ત્યારે ઠાકુરે કહ્યું કે, ઉલટા ચોર કોટવાલ કો ડાંટે . આ એ જ રાહુલ ગાંધી છે જે પોતાની જ સરકારના વટહુકમને ફાડી નાખે છે. આ એ જ કોંગ્રેસ છે જેણે બાબા સાહેબ આંબેડકરનું વારંવાર અપમાન કર્યું હતું. ઘાયલ બીજેપી સાંસદોની વર્તમાન સ્થિતિ પર, આરએમએલ એમએસ ડૉ. અજય શુક્લાએ કહ્યું- પ્રતાપ સારંગી અને મુકેશ રાજપૂતના માથામાં ઈજા પહોંચી છે, બન્નેને દવા આપવામાં આવી છે. રાજપૂતજીનું બ્લડ પ્રેશર હજુ પણ હાઈ છે. અમે સર્વશ્રેષ્ઠ પ્રયાસ કરી રહ્યાં છીએ. સારંગીજી એક વૃદ્ધ વ્યક્તિ છે, અને જ્યારે ધક્કામુક્કી થાય છે ત્યારે બ્લડ પ્રેશર વધી શકે છે. આનાથી હાર્ટ એટેક કે સ્ટ્રોક પણ આવી શકે છે. સારંગીજી હૃદય રોગના દર્દી હતા. અમે સ્થિતિનું મૂલ્યાંકન કરી રહ્યાં છીએ.

**રાહુલ ગાંધી વિરૂદ્ધ BNSની આ કલમો હેઠળ નોંધાવાઈ ફરિયાદ**

- કલમ ૧૦૯: હત્યાનો પ્રયાસ
- કલમ ૧૧૫: સ્વેચ્છાએ નુકસાન પહોંચાડવું
- કલમ ૧૧૭: સ્વૈચ્છિક રીતે ગંભીર ઈજા પહોંચાડવી
- કલમ ૧૨૧: સરકારી કર્મચારીને તેની ફરજથી વિચલિત કરવા માટે નુકસાન પહોંચાડવું
- કલમ ૩૫૧: ગુનાહિત ધમકી
- કલમ ૧૨૫: અન્યની સુરક્ષાને જોખમમાં મૂકવી

ભાજપ રાહુલ ગાંધી પર બે સાંસદોને ધક્કો મારીને ઘાયલ કરવાનો આરોપ લગાવી રહી છે. ભાજપના સાંસદ અને કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ પણ આ મુદ્દે રાહુલ ગાંધી પર જોરદાર નિશાન સાધ્યું છે. તેમણે કહ્યું, 'કોંગ્રેસ અને અન્ય સાથી પક્ષો દરરોજ વિરોધ કરે છે. આજે જ્યારે બીજેપી સાંસદો વિરોધ કરવા આવ્યા ત્યારે રાહુલ ગાંધી અને તેમના સાંસદો બળજબરીથી ત્યાં ઘૂસી ગયા અને શારીરિક પ્રદર્શન શરૂ કર્યું. તેઓએ સમજવું જોઈએ કે સંસદ શારીરિક શક્તિ બતાવવાનું પ્લેટફોર્મ નથી. આ કુસ્તીનો અખાડો નથી. રાહુલ ગાંધીએ ભાજપના બે સાંસદો પ્રતાપ સિંહ સારંગી અને મુકેશ રાજપૂતને ખરાબ રીતે ઘાયલ કર્યા છે.

### ધક્કામુકીમાં સાંસદ ઘાયલ થતાં રાહુલ ગાંધીની સ્પષ્ટતા

# ભાજપના સાંસદ અમને અંદર જતા રોકી રહ્યા હતા

**હું અંદર પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યો હતો અને ભાજપના સાંસદો મને અંદર જતા રોકવાનો પ્રયાસ કરી રહ્યા હતા**

નવી દિલ્હી, તા.૧૯

ગુરુવારે સંસદમાં હોબાળો થતાં વાતાવરણ ગરમાયું છે. વિપક્ષના નેતા રાહુલ ગાંધી પર ભાજપના સાંસદ પ્રતાપ ચંદ્ર સારંગીને જમીન પર ધક્કો દેવાનો આરોપ લાગ્યો હતો. જોકે, રાહુલે સ્પષ્ટતા કરી હતી કે, અમને અંદર જતા અટકાવવામાં આવ્યા હતા અને ત્યાં અમને ધક્કો મારવામાં આવ્યો હતો.

રાહુલ ગાંધીએ સ્પષ્ટતા કરતા કહ્યું કે, અમે મકર દ્વારથી સંસદની અંદર જઈ રહ્યા હતા. ભાજપના લોકો ત્યાં ઉભા હતા અને તેમને અંદર જતા રોક્યા હતા. સ્થળ પર ધક્કામુક્કી થઈ હતી અને લોકો નીચે પડી ગયા હતા. આ લોકો બંધારણ પર હુમલો કરી રહ્યા છે અને આંબેડકરનું અપમાન કરી રહ્યા છે. મુખ્ય મુદ્દો એ છે કે, તેઓ બંધારણ પર હુમલો કરી રહ્યા છે.

રાહુલે ભાજપના સાંસદો પર તેમને એન્ટ્રી ગેટ પર રોકવાનો આરોપ લગાવ્યો છે. રાહુલનું કહેવું છે કે, તેઓ મને ધમકાવતા હતા અને ધક્કો મારતા હતા. અમે સીડી પર ઉભા હતા. રાહુલ કહે છે કે, બધું કેમેરામાં કેદ થઈ ગયું છે. ખડગેજી સાથે પણ ઝપાઝપી થઈ હતી. જોકે, ધક્કો મારવાથી કશું થશે નહીં. ભાજપના સાંસદો અમને સંસદમાં જતા રોકી શકશે નહીં. તે જ સમયે, બીજેપી સાંસદ પ્રતાપ ચંદ્ર સારંગીએ આરોપ લગાવ્યો કે, રાહુલ ગાંધીએ એક સાંસદને ધક્કો માર્યો અને તે સાંસદ આવીને મારા પર પડ્યા, જેના કારણે મને માથામાં ઈજા થઈ છે. સારંગીને હોસ્પિટલમાં લઈ જવામાં આવી છે. ભાજપના નેતાઓ તેમને મળવા પહોંચ્યા હતા અને તેમની ખબર પૂછી રહ્યા હતા. આ દરમિયાન, વાયનાડના સાંસદ અને રાહુલ ગાંધીની બહેન પ્રિયંકા ગાંધી વાડ્રાએ કહ્યું કે, ખડગે સાથે ઝપાઝપી થઈ હતી. બધું કેમેરામાં કેદ થયું છે. સંસદ સંકુલમાં ધક્કામુક્કીની ઘટનાઓ વધી રહી છે. હવે આ મામલે રાહુલ ગાંધી વિરુદ્ધ ફરિયાદ કરવા માટે ભાજપના ૩ સાંસદ સંસદ માર્ગ પોલીસ સ્ટેશન પહોંચ્યા છે. બાંસુરી સ્વરાજ, અનુરાગ ઠાકુર અને હેમાંગ જોશી ફરિયાદ અરજી લઈને પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા.

### નીતિશ-નાયડુને પત્ર લખીને અભિપ્રાય માંગ્યો

# આંબેડકર વિવાદમાં અરવિંદ કેજરીવાલે પણ ઝંપલાવ્યું

**અરવિંદ કેજરીવાલે એનડીએ સરકારના બંને મહત્ત્વપૂર્ણ ભાગીદારોને તેમનું સમર્થન પાછું ખેંચવા વિચારણા કરવા કહ્યું છે**

નવી દિલ્હી, તા.૧૯

આમ આદમી પાર્ટીના વડા અને દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આંબેડકર વિવાદ પર એક નવો દાવ રમ્યો છે. જેની મદદથી તેઓ મોદી સરકારને પાડી દેવા માંગે છે. કેજરીવાલે આ માટે નીતિશ કુમાર અને ચંદ્રબાબુ નાયડુને પત્ર લખ્યો છે. કેજરીવાલે એનડીએ સરકારના બંને મહત્ત્વપૂર્ણ ભાગીદારોને તેમનું સમર્થન પાછું ખેંચવા માટે વિચારણા કરવા કહ્યું છે. હાલ લોકસભામાં ભાજપ પાસે ૨૪૦ બેઠકો છે. સરકાર બહુમતીમાં રહે તે માટે નીતિશ કુમારની જેડીયુ અને નાયડુની ટીડીપીની મહત્ત્વની ભૂમિકા છે. કેજરીવાલે નીતિશ કુમાર અને ચંદ્રબાબુ નાયડુને લખેલા પત્રને સાર્વજનિક પણ કર્યો છે. જેમાં તેમણે સંસદમાં અમિત શાહના નિવેદનનો ઉલ્લેખ કરતાં આરોપ લગાવ્યો હતો કે ગૃહમંત્રી અમિત શાહે બાબા સાહેબનું અપમાન કર્યું છે. તેમણે કહ્યું હતું કે, અમિત શાહના નિવેદનથી દેશભરના કરોડો લોકોની ભાવનાઓને ઠેસ પહોંચી છે. શાહે પોતાના નિવેદન માટે માફી માંગવાને બદલે તેને યોગ્ય ઠેરવ્યું છે અને વડાપ્રધાને પણ તેમને જાહેરમાં સમર્થન આપ્યું હતું.'

નાયડુ અને નીતિશ પાસે તેમનો અભિપ્રાય માંગતા કેજરીવાલે પત્રમાં લખ્યું હતું કે, 'લોકોને એ વાતનો અહેસાસ થવા લાગ્યો છે કે, જે લોકો બાબા સાહેબનું સન્માન કરે છે તેઓ ક્યારેય ભાજપનું સમર્થન કરી શકે નહીં. બાબા સાહેબ માત્ર એક નેતા નથી, પરંતુ તેઓ રાષ્ટ્રની આત્મા છે. ભાજપના આ નિવેદન પછી લોકો તમારી પાસેથી અપેક્ષા રાખી રહ્યા છે કે, તમે આ મુદ્દે ઊંડાણપૂર્વક વિચારો.' અરવિંદ કેજરીવાલે એક દિવસ પહેલા ભાજપના હેડક્વાર્ટર પાસે પ્રદર્શન પણ કર્યું હતું. તેમણે રસ્તા પર ધરણા કર્યા અને કહ્યું કે, તેઓ દિલ્હીમાં ઘરે-ઘરે જઈને આ વાત પહોંચાડશે. અત્રે ઉલ્લેખનીય છે કે, સંસદમાં બંધારણ પર થયેલી ચર્ચા દરમિયાન ગૃહમંત્રી અમિત શાહે બાબા સાહેબ ભીમરાવ આંબેડકર પ્રત્યે કોંગ્રેસના વલણની ટીકા કરી રહ્યા હતા. ત્યારે વિપક્ષ શાહ દ્વારા બાબા સાહેબ પર કરવામાં આવેલી એક ટિપ્પણીને લઈને હુમલો કરી રહ્યું છે અને અમિત શાહ પર બંધારણના નિર્માતાનું અપમાન કરવાનો આરોપ લગાવી રહ્યું છે. જો કે બુધવારે સાંજે પ્રેસ કોન્ફરન્સમાં ખુદ અમિત શાહે આ મામલે ખુલાસો કર્યો હતો. તેમણે આરોપ લગાવ્યો કે વિપક્ષી પાર્ટીઓ તેમના ભાષણને તોડી મરોડીને રજુ કરી રહી છે. અમિત શાહે મીડિયાને તેમનું સમગ્ર નિવેદન બતાવવાની અપીલ કરી હતી. ભાજપનો આરોપ છે કે, અમિત શાહની ૧૨ સેકન્ડની વીડિયો ક્લિપને ખોટી રીતે રજૂ કરવામાં આવી રહી છે અને તેમનું આખું નિવેદન બતાવવામાં આવી રહ્યું નથી.

### અજિત પવાર અંગે ફડણવીસનું મોટું નિવેદન

# તેઓ એક દિવસ જરૂર રાજ્યના મુખ્યમંત્રી બનશે

**મુખ્યમંત્રી ફડણવીસે કહ્યું કે, હું અને નાયબ મુખ્યમંત્રી અજિત પવાર અને એકનાથ શિંદે શિફ્ટમાં ૨૪/૭ કામ કરશે**

મુંબઈ, તા.૧૯

મહારાષ્ટ્રના નાગપુરમાં ગુરૂવારે શિયાળુ સત્ર દરમિયાન રાજ્ય વિધાનમંડળના બંને ગૃહોમાં રાજ્યપાલના અભિભાષણ પર ધન્યવાદ પ્રસ્તાવ પર ચાલી રહેલી ચર્ચાનો જવાબ આપવા માટે મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ પહોંચ્યા હતા. આ દરમિયાન તેમણે નાયબ મુખ્યમંત્રી અજિત પવારને કહ્યું કે, તેઓ એક દિવસ જરૂર રાજ્યના મુખ્યમંત્રી બનશે. મુખ્યમંત્રી ફડણવીસે કહ્યું કે, 'હું અને નાયબ મુખ્યમંત્રી અજિત પવાર અને એકનાથ શિંદે શિફ્ટમાં ૨૪/૭ કામ કરશે.' તેમણે પોતાના સંબોધન દરમિયાન કહ્યું કે, 'અજિત પવાર જલ્દી ઉઠનારાઓમાંથી છે. એટલા માટે તેઓ સવારનું કામ કરશે. હું બપોરે ૧૨ થી અડધી રાત્રિ સુધી ડ્યૂટી કરીશ, પરંતુ તમે જાણો છો કે રાત્રિ સુધી કામ કરનારું કોણ છે.' તેમણે શિંદેનો ઉલ્લેખ કરતા કહ્યું કે, 'તેઓ મોડી રાત્રિ સુધી કામ કરવા માટે જાણીતા છે.' પોતાના સંબોધન દરમિયાન ફડણવીસે અજિત પવાર તરફ ઈશારો કરતા કહ્યું કે, 'તમને સ્થાયી નાયબ મુખ્યમંત્રી કહીએ છીએ, પરંતુ મારી શુભકામનાઓ તમારી સાથે છે... તમે એક દિવસ મુખ્યમંત્રી બનશો.'

જણાવી દઈએ કે, મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં મહાયુતિની જીત બાદ અજિત પવારે ૫ ડિસેમ્બરે છઠ્ઠીવાર મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા છે.

### NSA અજિત ડોભાલે ચીનમાં જઈને કામ કરી દીધું

# શિવભક્તો માટે મોટી ખુશખબર કૈલાશ માનસરોવરનો રસ્તો ખુલ્યો

**ડોકલામમાં બંને દેશ વચ્ચે સહમતિ બન્યા બાદ હવે દ્વિપક્ષીય સંબંધોમાં વર્ષોથી જામેલો બરફ પીગળવા લાગ્યો છે**

નવી દિલ્હી, તા.૧૯

ભારત અને ચીનની વચ્ચે સંબંધ સતત સુધરી રહ્યા છે. રશિયા-યુક્રેન અને ઈઝરાયલ-હમાસ યુદ્ધને જોતા એશિયાની બે મહાશક્તિઓની વચ્ચે સંબંધોમાં સુધાર શુભ સંકેત છે. રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ હાલમાં ચીનની યાત્રા પર છે. તેઓ સ્પેશિયલ રિપ્રેઝેન્ટેટિવ લેવલની વાર્તામાં ભાગ લેવા માટે બેઈજિંગમાં છે. અજિત ડોભાલે ચીનના વિદેશ મંત્રી વાંગ યી સાથે મુલાકાત કરી. આ દરમ્યાન ૬ મુદ્દા પર સહમતિ બની છે. ડોભાલની યાત્રાનો સૌથી મોટો પાર્ટ કૈલાશ માનસરોવર સુધી કોઈ પણ અડચણ વિના યાત્રા કરવા પર સહમતિ બનવાનો છે. આપને જણાવી દઈએ કે, ડોકલામ અથડામણ બાદ ચીને કૈલાશ માનસરોવર યાત્રાને રોકી દીધી હતી. હિન્દુ શિવ ભક્તો માટે આ યાત્રા હજુ સુધી ફરીથી ચાલુ થઈ શકી નહોતી. ડોભાલ અને વાંગ યીની વચ્ચે વાતચીત બાદ પવિત્ર યાત્રાનો માર્ગ ફરી એક વાર ખુલવાની સંભાવના વધી ગઈ છે. NSA અજિત ડોભાલે ચીનના ઉપરાષ્ટ્રપતિ હાન ઝેંગ સાથે પણ મુલાકાત કરી છે. આપને જણાવી દઈએ કે, છેલ્લા પાંચ વર્ષથી ભારત અને ચીનની વચ્ચે સ્પેશિયલ રિપ્રેઝેન્ટેટિવ લેવલની વાતચીત અટકાઈ ગઈ હતી. ડોકલામમાં બંને દેશ વચ્ચે સહમતિ બન્યા બાદ હવે દ્વિપક્ષીય સંબંધોમાં વર્ષોથી જામેલો બરફ પીગળવા લાગ્યો છે. એનએસએ અજિત ડોભાલની તાજેતરની બેઈજિંગ મુલાકાત દરમ્યાન વિવિધ મુદ્દા પર સહમતિ બની તેનું ઉદાહરણ છે. એનએસએ અજિત ડોભાલ અને ચીનના વિદેશ મંત્રી વાંગ યીની વચ્ચે ૧૮ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ મુલાકાત થઈ હતી. આ દરમ્યાન કઝાનમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ચીનના રાષ્ટ્રપતિ શી ઝિનપિંગ વચ્ચે જે મુદ્દા પર સહમતિ બની હતી, તેના પર વ્યાપક વિચાર-વિમર્શ થયો. ભારત-ચીન સરહદને લઈને પણ સકારાત્મક વાતચીત થઈ છે.

આ દરમ્યાન બંને પક્ષો વચ્ચે ૬ મુદ્દા પર સહમતિ બની છે. એનએસએ અજિત ડોભાલ અને ચીનના વિદેશ મંત્રી વાંગ યી વચ્ચે કેટલાય મુદ્દા પર સહમતિ બની છે. અન્ય મુદ્દાની સાથે જ કૈલાશ માનસરોવર યાત્રાને ભારતીય તીર્થયાત્રીઓ માટે ખોલવા પર પણ એકમત થઈ ગયો છે. બંને પક્ષોએ સરહદ પર આવાગમન અને સહયોગને વધારે મજબૂત કરવા પર વાતચીત કરી અને તેના પર અમલ કરવાની સહમતિ વ્યક્ત કરી. તિબ્બતમાં આવેલ ધર્મસ્થળ માટે તીર્થયાત્રાને ફરીથી શરૂ કરવા અને તેને પ્રોત્સાહન આપવા પર પણ સહમતિ બની છે. આપને જણાવી દઈએ કે, કૈલાશ માનસરોવર યાત્રા તિબ્બત વિસ્તારમાં જ આવેલી છે. આ યાત્રા છેલ્લા પાંચ વર્ષથી બંધ છે.

### નવો એક્સપ્રેવ વે, ૪ રાજ્યોને થશે સીધો ફાયદો

# ગુજરાતથી ગાડી સીધી પંજાબ સડસડાટ દોડશે

**આ એક્સપ્રેસવે બનવાથી ૨૧૬ કિલોમીટરનું અંતર ઓછું થઈ જશે અને અમૃતસરથી જામનગરની મુસાફરી ૧૩ કલાકમાં પૂર્ણ થઈ શકશે**

અમદાવાદ,તા.૧૯

હવે સડક માર્ગે ગુજરાતથી પંજાબ જવું સરળ બનશે, આ કામ નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા કરશે. હકીકતમાં, NHAI દ્વારા ભારતના બીજા સૌથી લાંબા અમૃતસર-જામનગર એક્સપ્રેસવે પર કામ પૂરજોશમાં કરવામાં આવી રહ્યું છે. અમૃતસર-જામનગર એક્સપ્રેસ-વે આવતા વર્ષ સુધીમાં પૂર્ણ થવાની ધારણા છે. આ એક્સપ્રેસ વે દ્વારા ૪ રાજ્યોની કનેક્ટિવિટી સુધરશે. જેમાં રાજસ્થાન, પંજાબ, હરિયાણા અને ગુજરાતનો સમાવેશ થાય છે. એક્સપ્રેસ વેના નિર્માણથી આ ચાર રાજ્યોને ફાયદો થશે. NHAI ભારતમાલા પ્રોજેક્ટ હેઠળ અમૃતસર-જામનગર એક્સપ્રેસ વેનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. આ હાઈવેનો ૯૧૫ કિમીનો હિસ્સો ગ્રીનફિલ્ડ એલાઈનમેન્ટના આધારે બનાવવામાં આવશે. તેમાં ૪ થી ૬ લેન હશે. બાકીના ભાગને નેશનલ હાઈવેથી અપગ્રેડ કરવામાં આવી રહ્યો છે. આ એક્સપ્રેસ વેનું નિર્માણ કાર્ય ૨૦૧૯માં શરૂ થયું હતું. એવું માનવામાં આવે છે કે આ એક્સપ્રેસ વેનું કામ આવતા વર્ષ સુધીમાં પૂર્ણ થઈ જશે અને રોડ પરની કામગીરી પણ શરૂ થઈ જશે. માર્ગ અકસ્માતોને રોકવા માટે આ એક્સપ્રેસ વે પર અદ્યતન ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ લગાવવામાં આવી રહી છે. હાલમાં, હાઈવે પર ૧૨૦ કિલોમીટર પ્રતિ કલાકથી વધુની ઝડપે વાહન ચલાવવાની મંજૂરી આપવામાં આવશે નહીં. દરેક કિલોમીટરે ઈમરજન્સી કોલ બોક્સ બનાવવામાં આવશે. અકસ્માત અથવા કટોકટીના કિસ્સામાં, એમ્બ્યુલન્સ તરત જ આવશે. એક્સપ્રેસ વેના નિર્માણથી અમૃતસર અને જામનગર વચ્ચેનું અંતર ઘટીને માત્ર ૧૨૫૬ કિમી થઈ જશે, જે હાલમાં ૧૪૩૦ કિમી છે. આ સાથે ૨૬ કલાકની મુસાફરી ઘટીને ૧૩ કલાક થઈ જશે.

અમૃતસરથી જામનગરનું અંતર ૧૫૧૬ કિલોમીટર છે. જેના પર મુસાફરી ૨૬ કલાકમાં પૂર્ણ થાય છે. પરંતુ, આ એક્સપ્રેસવે બનવાથી ૨૧૬ કિલોમીટરનું અંતર ઓછું થઈ જશે અને અમૃતસરથી જામનગરની મુસાફરી ૧૩ કલાકમાં પૂર્ણ થઈ શકશે.

### ધક્કામુક્કી કાંડ પર પ્રિયંકા ગાંધીનો વળતો પ્રહાર

# આ ગૃહમંત્રી અમિત શાહને બચાવવા માટેનું કાવતરું છે

**શાહની વાતોમાં અસલી ભાવના નીકળી ગઈ : હું ભાજપના સાંસદને ચેલેન્જ આપું છું કે, અહીં ઊભા રહીને જય ભીમ બોલે : પ્રિયંકા ગાંધી**

નવી દિલ્હી, તા.૧૯

સંસદમાં થયેલી ધક્કામુક્કી કાંડ પર વાયનાડથી લોકસભા સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ વળતો પ્રહાર કર્યો છે. પ્રિયંકા ગાંધી વાડ્રાએ કહ્યું કે, 'આ અમિત શાહને બચાવવાનું કાવતરું છે. શાહની વાતોમાં અસલી ભાવના નીકળી ગઈ. હું ભાજપના સાંસદને ચેલેન્જ આપું છું કે, અહીં ઊભા રહીને જય ભીમ બોલે.' ગુરુવારે સવારે સંસદ પરિસરમાં વિરોધ-પ્રદર્શન દરમિયાન ભાજપના બે સાંસદ પ્રતાપ સારંગી અને મુકેશ રાજપૂતને ઈજા થઈ હતી. ભાજપે દાવો કર્યો કે, રાહુલ ગાંધીના ધક્કાથી બંને સાંસદોને ઈજા થઈ. જોકે, કોંગ્રેસે તેને નકારતા વળતો પ્રહાર કર્યો અને ભાજપ પર આરોપ લગાવ્યો કે, તેઓએ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને ધક્કો માર્યો, જ્યારબાદ તે જમીન પર પડી ગયા અને તેમને ઈજા થઈ. સંસદમાં થયેલી ધક્કામુક્કી પર પત્રકારો સાથે વાત કરતાં પ્રિયંકા ગાંધી વાડ્રાએ કહ્યું, 'કેટલાં દિવસથી વિપક્ષ શાંતિથી વિરોધ પ્રદર્શન કરી રહ્યું છે, પરંતુ આજે પહેલીવાર ભાજપે પ્રદર્શન કર્યું અને બધાને રોકી દીધા, ત્યારબાદ ધક્કામુક્કી અને ગુંડાગર્દી. હવે ફક્ત અમિત શાહને બચાવવાનું કાવતરું શરુ કરી દીધું છે કે, રાહુલે કોઈને ધક્કો માર્યો. મારી આંખો સામે ખડગેજીને ધક્કો મારીને જમીન પર પાડી દેવામાં આવ્યા. ત્યારબાદ સીપીએમના સાંસદને ધક્કો મારવામાં આવ્યો, તેઓ ખડગેજી પર પડ્યા. મને લાગ્યું પગ તૂટી ગયો હશે કે કંઈક થયું હશે. ચહેરાથી લાગી રહ્યું હતું કે, ઈજા થઈ છે. ત્યારબાદ અમે તેમના માટે ખુરશી શોધીને લાવ્યા.

લોકસભા સાંસદે આગળ કહ્યું કે, 'તમે જાતે જ જોઈ લો રોજ અમે પ્રદર્શન કરીએ છીએ, આજ સુધી કંઈ ન થયું. આ બધું એક કાવતરાનો ભાગ છે. અમે તેમને પૂછ્યું કે, આંબેડકરજીનું સન્માન કરો છો તો જય ભીમ બોલો. જય ભીમનો નારો કેમ નથી નીકળતો આમના મોંઢામાંથી? અમે ફક્ત નારો લગાવી રહ્યા અને બંધારણ માટે લડતા રહ્યા. અમિત શાહની વાતમાં અસલ ભાવના નીકળી ગઈ. હું ભાજપના સાંસદોને ચેલેન્જ કરું છું કે, ઊભા થઈને જય ભીમ બોલે.' નોંધનીય છે કે, સંસદની કાર્યવાહી દરમિયાન પણ આ મુદ્દો ઊભો થયો. કેન્દ્રીય મંત્રી જે. પી નડ્ડાએ સંસદમાં કહ્યું કે, બંધારણ પર ચર્ચા દરમિયાન કોંગ્રેસની પોલ ખુલી ગઈ છે. ૭૫ વર્ષમાં બંધારણને તોડીને દુરુપયોગ કરવાનો પ્રયાસ કર્યો, આ જનતા સુધી પહોંચી ગયું છે. આ જ કારણે કોંગ્રેસ પોતાને સંભાળી ન શકી અને બેકાબૂ થઈ ગઈ. આજે જે પ્રકારે રાહુલ ગાંધીએ સાંસદ સાથે ધક્કામુક્કી કરી, જેમાં અમારા બે સાંસદ ઈજાગ્રસ્ત થઈ ગયા અને તેમની આરએમએલમાં સારવાર થઈ રહી છે. આ ગૃહ સંપૂર્ણ ઘટનાક્રમની નિંદા કરે છે.

### રાહુલ-પ્રિયંકાનો ભાજપ પર ગંભીર આરોપ

# આસામ-યુપીમાં પ્રદર્શન દરમિયાન કોંગ્રેસના બે કાર્યકર્તાઓના મોત

**લખનૌમાં કોંગ્રેસ દ્વારા આયોજિત વિધાનસભા ઘેરાવ પ્રદર્શન દરમિયાન કોંગ્રેસના યુવા કાર્યકર પ્રભાત પાંડેનું મૃત્યુ થયું હતું**

લખનૌ, તા.૧૯

ઉત્તરપ્રદેશની રાજધાની લખનૌમાં બુધવારે કોંગ્રેસ દ્વારા આયોજિત વિધાનસભા ઘેરાવ પ્રદર્શન દરમિયાન કોંગ્રેસના યુવા કાર્યકર પ્રભાત પાંડેનું મૃત્યુ થયું હતું. કોંગ્રેસનો દાવો છે કે, ગોરખપુરથી આવેલા પ્રભાત પાંડે વિરોધ દરમિયાન પોલીસના ધક્કામુક્કી અને બળપ્રયોગને કારણે ઘાયલ થયા હતો, જેના કારણે તેમનું મોત થયું છે. આસામના ગુવાહાટીમાં પણ કોંગ્રેસના પ્રદર્શન દરમિયાન એક કાર્યકરનું મોત થયું હતું. કોંગ્રેસે બન્ને ઘટનાઓને લઈને ભાજપ પર નિશાન સાધ્યું છે. કોંગ્રેસે આ ઘટનાને "પોલીસ ક્રૂરતા" ગણાવી હતી અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની સરકાર પર ગંભીર આરોપો લગાવ્યા હતા. પાર્ટીએ પ્રભાતના પરિવારને ૧ કરોડ રૂપિયાની આર્થિક સહાય અને એક સભ્યને સરકારી નોકરીની માંગ કરી છે. બીજી તરફ ઉત્તરપ્રદેશના નાયબ મુખ્યમંત્રી બ્રિજેશ પાઠકે કોંગ્રેસના આરોપોને ફગાવી દીધા હતા અને કહ્યું હતું કે, પ્રભાત પાંડે પાર્ટી ઓફિસ રૂમમાં પડેલો જોવા મળ્યા હતા. તેમણે સિવિલ હોસ્પિટલના ડાયરેક્ટરને સારી સારવાર માટે સૂચના આપી હતી, પરંતુ હોસ્પિટલ પહોંચતા જ ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો. આસામના ગુવાહાટીમાં પણ કોંગ્રેસના પ્રદર્શન દરમિયાન એક કાર્યકર મૃદુલ ઈસ્લામનું મોત થયું હતું. કોંગ્રેસે આક્ષેપ કર્યો હતો કે, વિરોધ દરમિયાન પોલીસે લાઠીચાર્જ અને ટીયર ગેસના શેલ છોડ્યા હતા, જેના કારણે મૃદુલનું મોત થયું છે. આ પ્રદર્શન મણિપુર હિંસા, અદાણી ગ્રુપ સામે લાંચના આરોપો અને અન્ય મુદ્દાઓને લઈને કરવામાં આવ્યું હતું. કોંગ્રેસે તેને ભાજપ સરકારની "તાનાશાહી"નું પ્રતીક ગણાવ્યું હતું. જો કે, આસામ પોલીસે આ આરોપોને ફગાવી દીધા હતા અને કહ્યું હતું કે, પોસ્ટ મોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જ મૃત્યુનું કારણ જાણી શકાશે.

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ આ બન્ને ઘટનાઓને લઈને ભાજપ સરકારોને આડે હાથ લીધી હતી. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લખ્યું કે, "દેશભરમાં કોંગ્રેસ પાર્ટી બાબાસાહેબ અને બંધારણના સમર્થનમાં સત્યાગ્રહ કરી રહી છે. આ દરમિયાન ગુવાહાટીમાં મૃદુલ ઈસ્લામ અને લખનૌમાં પ્રભાત પાંડેનું મૃત્યુ અત્યંત દુઃખદ અને નિંદનીય છે." રાહુલ ગાંધીએ આ કાર્યકરોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરતા કહ્યું કે, કોંગ્રેસ "સત્ય અને બંધારણ" માટે સંઘર્ષ ચાલુ રાખશે. કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધીએ પણ ભાજપ સરકારોની કાર્યવાહીને 'બ્રિટિશ રાજ' જેવી ગણાવી હતી.

તેમણે કહ્યું કે, ભાજપ બંધારણ અને લોકશાહીનું ગળું દબાવી રહી છે. કોંગ્રેસે આ ઘટનાઓને લોકશાહી અને બંધારણ પર હુમલો ગણાવ્યો હતો. પાર્ટીએ કહ્યું કે, ભાજપ સરકારો માત્ર સંસદમાં જ નહીં પરંતુ રસ્તા પર પણ લોકતાંત્રિક વિરોધને કચડી નાખવાનો પ્રયાસ કરી રહી છે.

કોંગ્રેસે બન્ને રાજ્યોની પોલીસ પર ગંભીર સવાલો ઉઠાવ્યા છે. પાર્ટીનું કહેવું છે કે, શાંતિપૂર્ણ વિરોધ દરમિયાન કાર્યકર્તાઓ પર બળનો ઉપયોગ કરવો અને તેમના મૃત્યુ પછી જવાબદારીથી દૂર રહેવું એ સરકારની "તાનાશાહી માનસિકતા" દર્શાવે છે. કોંગ્રેસે આ બન્ને ઘટનાઓની નિષ્પક્ષ તપાસની માંગ કરી છે. પાર્ટીએ કહ્યું કે, આ મૃત્યુ માટે જવાબદાર અધિકારીઓ અને સરકાર જવાબદાર હોવી જોઈએ.

### શિવરાજ સિંહ ચૌહાણનો ગંભીર આરોપ

# કોંગ્રેસે મર્યાદા તોડી, આદિવાસી મહિલા સાથે દુર્વ્યવહાર કરાયો

**લોકતંત્રના ધજાગરા ઉડાવવામાં આવ્યા છે, તે માટે દેશ તેમને માફ નહીં કરે : કેન્દ્રીય મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ**

નવી દિલ્હી, તા.૧૯

ગૃહમંત્રી અમિત શાહે ડૉ.ભીમરાવ આંબેડકર પર ટિપ્પણી કર્યા બાદ સંસદમાં ભારે હોબાળો થયો છે. સંસદ બહાર વિપક્ષોના દેખાવો દરમિયાન ભાજપ અને કોંગ્રેસના સાંસદો સામસામે આવી જતા ભારે ધક્કામુક્કીના દ્રશ્યો સર્જાયા હતા. આ ઘટના બાદ બને પક્ષોના નેતાઓ એકબીજા પર આક્ષેપ-પ્રતિઆક્ષેપ કરી રહ્યા છે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને સાંસદ રાહુલ ગાંધીએ પ્રેસ કોન્ફરન્સ યોજ્યા બાદ ભાજપના નેતા અને કેન્દ્રીય મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે પ્રેસ કોન્ફન્સ યોજી છે અને તેમણે કોંગ્રેસ પર આક્ષેપો કર્યા છે. શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું કે, 'મહિલા સાંસદ સાથે આવો વ્યવહાર કરવો દુર્વ્યવહાર છે. કોંગ્રેસે મર્યાદા તોડી છે. શું મહિલા આદિવાસી સાંસદ વિરુદ્ધ આવો વ્યવહાર કરાશે? હું એક ડઝન વખત લોકસભા અને વિધાનસભાનો સભ્ય રહેલો છું. મેં સાંસદો અને ધારાસભ્યોનું વ્યવહાર અને આચરણ જોયું છે, પરંતુ આજે સંસદમાં જે ઘટના બની છે, તેની કલ્પના પણ ન કરી શકાય. આ ઘટનાના કારણે મારું મન વ્યથિત છે, પીડિતાથી ભરેલું છે. બેઠકની ગરિમાને પગ તળે કચડવામાં આવી છે. કોંગ્રેસના સાંસદ અધ્યક્ષના આસન પર ચઢી ગયા હતા, જે મેં ક્યારે જોયું નથી. લોકતંત્રના ધજાગરા ઉડાવવામાં આવ્યા છે. તે માટે દેશ તેમને માફ નહીં કરે.' તેમણે કહ્યું કે, 'શું રાહુલ ગાંધીએ સભ્યતાભર્યો વ્યવહાર કર્યો છે? શું આ ભારતની સંસ્કૃતિ અને ભારતીય વ્યવહાર છે? તેમણે આજે શરમજનક વર્તન કર્યું. કોંગ્રેસ અધ્યક્ષ ખડગે અને રાહુલ ગાંધીએ આજે પ્રેસ કોન્ફરન્સ કરી હતી. અમને થયું કે, સંસદની અંદર તેમના દ્વારા કરાયેલા કૃત્યોની તેઓ માફી માંગશે, પરંતુ તેમણે માફી ન માંગી. મને સમજાયું જ નહીં કે, તેઓએ પ્રેસ કોન્ફરન્સ કેમ કરી. તે પ્રેસ કોન્ફરન્સમાં તેમનો અહંકાર જોવા મળ્યો હતો.' ઉલ્લેખનીય છે કે, ગૃહમંત્રી અમિત શાહે રાજ્યસભામાં ગઈકાલે બંધારણની ચર્ચા દરમિયાન ડૉ. બાબાસાહેબ આંબેડકર પર ટિપ્પણી કરી હતી. અમિત શાહે વિરોધ પક્ષો પર કટાક્ષ કરતાં કહ્યુ હતું કે, 'હવે આંબેડકર, આંબેડકર, આંબેડકર બોલતા રહેવાની ફેશન થઈ ગઈ છે. જો તેમણે આટલો વખત ભગવાનનું નામ લીધું હોત તો તેમને સ્વર્ગમાં જગ્યા મળી ગઈ હોત.' આ ઘટના બાદ વિપક્ષે અમિત શાહ સામે મોરચો ખોલી દીધો છે અને તેમની પાસેથી રાજીનામું માંગી રહ્યા છે. આ ઉપરાંત આજે પણ સંસદમાં ભારે ધમાસાણ જોવા મળ્યું છે. સંસદમાં આજે ભાજપ અને કોંગ્રેસના સાંસદો વચ્ચે ઘર્ષણ થયું હતું, જેમાં ભાજપ સાંસદ સારંગીને સામાન્ય ઈજા થઈ છે. સારંગીએ આક્ષેપ કર્યો છે કે, 'રાહુલ ગાંધીએ તેમને ધક્કો મારતાં તેઓ પડી ગયા અને તેમને ઈજા થઈ છે.' જવાબમાં રાહુલે કહ્યું કે, 'તેમને મને ધક્કો માર્યો છે.' આ ઘટના બાદ ભાજપના વરિષ્ઠ નેતા અનુરાગ ઠાકુર અને દિલ્હીના સાંસદ બાંસુરી સ્વરાજ આ મામલે ફરિયાદ કરવા પોલીસ સ્ટેશન પહોંચી ગયા છે. બીજીતરફ મહિલા સાંસદો સહિત કોંગ્રેસના સાંસદોના એક પ્રતિનિધિમંડળે પણ ભાજપ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

# અમરેલીનાં વોર્ડ નં.-૪માં આયુષ્યમાન વય વંદના કાર્ડ, રેશનકાર્ડ ઈ-કેવાયસી કેમ્પ યોજાયો



ભારત સરકારની પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના તળે તબીબી સહિતની આવશ્યક સરકારી યોજનાઓની સરળ ઉપલબ્ધતા માટે આયષ્યમાન વય વંદના કાર્ડ અને રેશનકાર્ડ ઈ–કેવાયસી પ્રક્રિયા હાલમા ચાલી રહી છે આ પ્રક્રિયાનો બહોળા પ્રમાણમા લોકો લાભ લઈ રહયા છે પરંતુ આ પ્રક્રિયામા વયોવૃધ્ધજનો કે જે ૭૦ વર્ષ કે તેથી વધુ વય ધરાવતા હોય તેઓને નજીક સુવિધા પુરી પાડવા સેવાભાવી સંસ્થા સારહી યુથ કલબ ઓફ અમરેલી અને તાલુકા હેલ્થ કચેરી–અમરેલી તરફથી અમરેલી શહેરના વોર્ડ નં.–૪ના પંચમુખી હનુમાનજી મંદિર, હનુમાનપરા મેઈન રોડ, અમરેલી ખાતે કેમ્પનું આયોજન કરવામા આવેલ જેમા બહોળા પ્રમાણમાં લાભાર્થીઓએ લાભ ઉઠાવેલ હતો. આ કાર્યક્રમમાં શહેર ભાજપ પ્રમુખ ભાવેશભાઈ સોઢા, નગરપાલિકા પ્રમુખ બિપીનભાઈ લીંબાણી, નગર સેવકો સુરેશભાઈ શેખવા, રમાબેન મહેતા, મનિષભાઈ ધરજીયા, અરૂણાબેન બામણીયા, દીપકભાઈ બાંભરોલીયા, ઋજુલભાઈ ગોંડલીયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહયા હતા તેમ અખબારી યાદીમા જણાવાયેલ છે.

### પાલિકાનાં શાસકો આળશ ખંખેરે

## જાફરાબાદનાં લાઈટ હાઉસનાં માર્ગ ઉપર ગટરનાં ગંધાતા પાણીથી પરેશાની

### સ્વચ્છતા અભિયાન માત્ર કાગળ પર ચાલે

જાફરાબાદ, તા. ૧૯

જાફરાબાદ લાઈટહાઉસના જાહેર રોડ ઉપર ઘણા સમયથી વહેતાં ભૂગર્ભ ગટરના પાણી રોડ ઉપર ચડયા છે. પરંતુ રોડ બન્યા ભૂગર્ભ ગટરનું મેનેજમેન્ટ કરવામાં ન આવતા ભૂગર્ભ ગટરના પાણી નાગરિકોના પાટું નીચે આવી રહ્યા છે. અહીં આ રોડ ઉપરથી મોટી સંખ્યામાં રાહદારીઓ પગપાળા લાઈટ હાઉસના રમણીય અરબી સમુદ્રનો નજારો માણવા પ્રવાસીઓ જતા હોય પરંતુ અહીં આવેલ મેન રોડ કે જયાંથી પસાર થવું પડે તે જ રોડ ઉપર રહેણાંક મકાન માલિકનું ગટરનું મળમૂત્ર તથા સાબુના ફીણવાળું પાણી રોડ ઉપર વહી રહ્યું હોય પરંતુ પાલિકા સેનીટેશન વિભાગદ્વારા ગટરોની કોઈ પણ જાતની સાફસફાઈ જેવી કામગીરી કરવામાં આવતી ન હોવાથી અવારનવાર દુર્ગંધ મારતાં ડ્રેનેજનું ગંદુ પાણીથી રાહદારીઓ આ ગંદાં પાણીમાંથી ચાલવા મજબૂર બન્યા છે. પરંતુ જેની જવાબદારી છે. તે



તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

પાલિકાના જવાબદાર લોકો જવો તો શું પરંતુ ડોકાવા પણ નથી આવતા લોકોના પગ નીચે થી વહેતું હોવાથી આ ગંધાતા ગટરના પાણી લોકોના પગ નીચે આવી રહ્યા છે. પરંતુ જવાબદાર અધિકારીનું પેટનું પાણી પણ હલતું નથી આ ગટરના દુર્ગંધ મારતા પાણીના લીધે અહીં આવતા પ્રવાસીઓ તથા રહેણાંક મકાન માલિકો ત્રાહીમામ પોકારી ઊઠયા છે. બહોળી સંખ્યામાં રાહદારીઓનો અવર–જવર વાળા રોડ ઉપરથી વહી રહ્યુંછે. આ ગંધાતા ભૂગર્ભ ગટરના પાણી બાબતે અવારનવાર અખબાર સમાચાર પ્રસિદ્ધ કરવામાં આવ્યા હતા આ આ અખબારના કટિંગ વહીવટી તંત્રના ધ્યાન ઉપર તેઓનાં વોટસએપ નંબર ઉપર મોકલે પરંતુ કોઈ પણ જાતની સાફસફાઈ કરવામાં આવી ન હોવાથી ભૂગર્ભ ગટરના પાણી ફરી મેન રોડ ઉપર વહેતાં થઈ રહ્યા છે. પરંતુ પાલિકાદ્વારા સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત કયારે કામગીરી કરવામાં આવ છે. કે પછી સ્વચ્છતા હી સેવા અભિયાન કાગળ ઉપર જ સિમિત રહે છે.

## લીલીયા મોટા : તાલુકા યુવક કોંગ્રેસ પ્રમુખ તરીકે કોગથિયાની વરણી

લીલીયા મોટા, તા. ૧૯

લીલીયા મોટાના ગ્રેજયુએટ કોંગ્રેસ કાર્યકર અને જેમની નાની એવી ઉંમરમાં અનેક પદ પર રહી ચૂકેલા હોય તેવા વિજય કોગથીયાની તાલુકા યુવક કોંગ્રેસ પ્રમુખ તરીકે વરણી થતા યુવાનોમાં અને તાલુકા ભરના કોંગ્રેસ સંગઠનમાં અનેરો આનંદ છે જેમાં વિજય કોગથીયા ગ્રામ પંચાયત સદસ્ય તેમજ બે વખત તાલુકા પંચાયત સદસ્ય અને હાલમાં તેમના ધર્મપત્ની તાલુકા પંચાયત સદસ્ય તરીકે ચૂંટાયેલા હોય અને સાથે સાથે માર્કેટિંગ યાર્ડના ડિરેકટર પદે પણ આવડી નાની ઉંમરે રહી ચૂકેલા હોય અને પોતે ભણેલ ગણેલ ગ્રેજયુએટ અભ્યાસ કરેલા વ્યકિત હોય ત્યારે વિજય કોગથિયાની આ પદ પર યોગ્ય વરણી થતા લીલીયા તાલુકા ભરમાં આનંદની લાગણી છવાયેલ છે સાથે સાથે કોળી જ્ઞાતિના અગત્યના હોદા ઠાકોર સેનાના પ્રમુખ પદ પર વિજય કોગથિયા બિરાજમાન સૌ માત્ર ૩૫ વર્ષની ઉમરમાં આવડી મોટી સિદ્ધિઓ મેળવી લોકોના હૃદયમાં અદકેરૂ સ્થાન પ્રાપ્ત કરેલું છે વિજય પોતે જમીન સાથે જોડાયેલો માણસ છે નાનામાં નાના માણસના પ્રસંગોમાં ઉપસ્થિત હોય છે ત્યારે જિલ્લા કોંગ્રેસ તેમજ



પ્રદેશ કોંગ્રેસ દ્વારા આવા યુવાનને આવડી મોટી જવાબદારી સોંપતા આવનારા દિવસોમાં લીલીયા તાલુકાના યુવાનોમાં કોંગ્રેસ પક્ષ તરફી અનેરો આનંદ જોવા મળે તો કંઈ નવાઈ નહીં તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.


### ૭ મીટર પહોળો માર્ગ બનશે

## અરે વાહ : લીલીયામોટા–પાંચતલાવડા માર્ગ માટે રૂપિયા ૧૪.૫૦ કરોડ મંજુર

### ધારાસભ્ય મહેશ કસવાલાની રજૂઆત રંગ લાવી

લીલીયા, તા. ૧૯

સાવરકુંડલા લીલીયા વિધાનસભાક્ષેત્રમાંના ભૂતોના ભવિષ્યમાં રાજય સરકારમાં સતત રજૂઆતો કરીને કામોની કાર્યદક્ષતા સાથે કામ કરવાની કુનેહને અદભુત સંયોગ આ વખતે ચૂંટાઈને આવેલા જન પ્રતિનિધિ મહેશભાઈ કસવાલાએ સાબિત કરી બતાવ્યો છે અગાઉ પીવાના પાણીથી લઈને કરોડો રૂપિયાની





ગ્રાન્ટો જેમાં સ્પોર્ટ સંકુલ, રોડ રસ્તાઓ સહિતના કામો માટે સરકારમાંથી જોબ નંબર સાથેની મંજૂરી મેળવીને ધારાસભ્ય મહેશ કસવાલાએ ચૂંટણી ટાઈમે આપેલા વચનો બે વર્ષના ગાળામાં અઢળક કામો લાવ્યા છે જેમાં લીલીયા તાલુકાના વિકાસ માટે વધુ એક મોર પીંછ ઉમેરવામાં સફળ રહ્યા છે. લીલીયા – પાંચતલાવડા રોડ ૧૪.૫૦ કરોડના ખર્ચે બનવા મંજૂરી મળેલ છે જેમાં હયાત ૩.૭૫ મીટર પહોળા રસ્તાને ૭ મીટર પહોળો બનાવવાની કામગીરી તથા સ્ટ્રકચર વાઈડની રિંકન્ટ્રકશનની કામગીરી અને સ્ટ્રેન્ધનીગ કામો માટે રાજયના સંવેદનશીલ અને નિર્ણાયક મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા આ રસ્તાને મંજૂર કરવા માટે સાવરકુંડલા – લીલીયાની જનતાવતી ધારાસભ્ય કસવાલાએ માન્ય મુખ્યમંત્રીનો હૃદયપૂર્વક આભાર વ્યકત કરેલ તેમ અટલધારા કાર્યાલયના ઈન્ચાર્જ જે.પી.હિરપરાની અખબારી યાદીમાં જણાવવામાં આવેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું **સતાધારનાં મહંત પૂ. વિજયબાપુ સામેના**

સૌરાષ્ટ્ર સાથે સમગ્ર ગુજરાતમાં આસ્થાનું કેન્દ્ર ગણાતી સુપ્રસિદ્ધ સતાધાર જગ્યાનો વિવાદ છેલ્લા ઘણા દિવસોથી ચાલી રહ્યો છે. સતાધારની જગ્યા સાથે અમરેલી જિલ્લાના લોકોની આસ્થા જોડાયેલી છે. સતાધાર એક આસ્થાનું કેન્દ્ર રહ્યું છે સર્વ સમાજના લોકોએ ધારીના નર્મેદેર મહાદેવ મંદિરેથી રેલી યોજી પ્રાંત અધિકારીની કચેરી પહોંચી આવેદનપત્ર પાઠવીને રજુઆત કરી છે. જે લોકો સતાધાર જગ્યા અને સતાધારના મહંત વિજયબાપુને બદનામ કરવાના પ્રયાસ કરી રહ્યા છે તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગણી છે. જો સતાધાર જગ્યાને બદનામ કરવાના જે લોકો પ્રયાસ કરી રહ્યા છે તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે. ધારી સર્વ સમાજના નેતૃત્વ નીચે કાચાભાઈ, મધુભાઈ વાઘેલા, ટીનુભાઈ લલિયા, મનોજભાઈ વાઘેલાની આગેવાનીમાં વિવિધ સમાજના લોકો જોડાયા હતા ને સતાધાર મામલે પ્રાંત કલેકટરને આવેદનપત્ર પાઠવી જે આક્ષેપો કરનાર સામે કાર્યવાહી કરવાની લાગણીઓ વ્યકત કરેલ હતી.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૦૦ | ૧૪૫૯ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૭૯૫ | ૮૧૫ |

## અવસાન નોંધ

**દામનગર:** તપોધન બ્રાહ્મણ (ધુફણીયા–દામનગર) વૈધરાજ વૃજલાલ મણિશંકર ભટ્ટ (ઉ.વ. ૯૫) તે ભરતભાઈ ભટ્ટ, કિશોરભાઈ ભટ્ટ, અલ્પેશભાઈ ભટ્ટ તથા વર્ષાબેન હરેશકુમાર જોષી (બોટાદ), રંજનબેન સુરેશકુમાર ભટ્ટ (ભાવનગર), રેખાબેન સંજયકુમાર જોષી (ભાવનગર), મીનાબેન સંજયકુમાર જોષી (ભાવનગર)ના પિતાશ્રી તેમજ કિરીટભાઈ જોષી (ગઢડા) તથા પ્રતાપભાઈ જોષી (મોટાઝિંઝાવદર)ના મામા થાય તથા અનિલભાઈ જોષી (ગઢડા)ના ફુવા થાય અને પાર્થ, મિલન, કૃણાલ, ધમ, બંસીબેન પાર્થ કુમાર રાવલ (સુરત), પુજાબેન રૂષાંગકુમાર ભટ્ટ (અમદાવાદ), ખુશીબેનના દાદા થાય. તે તારીખ ૧૮/૧૨/૨૦૨૪ બુધવારના રોજ કૈલાશવાસ થયેલ છે. તેમની દશાહ તથા ઉત્તરક્રિયા તેમજ લોકીક વ્યવહાર તા. ૩૦/૧૨/૨૦૨૪ને સોમવારના ધુફણીયા (તાલુકો–લાઠી) નિવાસસ્થાને રાખેલ છે.

### એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી

**અરજદાર :** શ્રી હરસુખલાલ ગોરધનદાસ દવે — અપીલ રજી. નં. ૯૧/૨૦૨૪
સરનામું : રહે. ચિતલ, તા. જિ. અમરેલી.

:: **વિરૂધ્ધ** ::

**સામાવાળા :** જન્મ – મરણ નોંધણી અધિકારીશ્રી, – વ – તલાટી – કમ – મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, મુ.ચિતલ, તા. જિ.અમરેલી.

**–: જાહેર નોટીસ :–**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના ચિતલ ગામના **હરસુખલાલ ગોરધનદાસ દવે** તેઓના પોતાની **જન્મ તા. ૨૪/૦૩/૧૯૪૫**ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપકરોત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ–મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા, તકરાર હોય તો તેમણે આ નોટિસ વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખ્યત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. **૧૪–૧૧–૨૦૨૪** ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સિક્કો

**એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

**સંકુલ B.Sc. માઈક્રો – BT કોલેજ ચાલુ**
**નવી B.Sc. IT & CA કોલેજ પ્લાનીંગ**

* સંકુલ માં B.Sc. માઈક્રોબાયોલોજી – બાયોટેકનોલોજી કોલેજ ચાલુ છે.
* તેમાં ઈન્ટર ડીસીપ્લીનરી માં બાયોકેમેસ્ટ્રી વિષય ભણાવવામાં આવે છે.
* સંકુલ માં જૂન – ૨૦૨૫ થી નવી B.Sc. IT & CA કોલેજનું આયોજન છે.
* ડેઈલી ટેસ્ટ – રીપીટેડલી ટેસ્ટ – ત્રિ માસિક – છ માસિક – નવ માસિક પરિક્ષા
* યુનિવર્સિટી ટોપટેન માં સંકુલ સ્ટુડન્ટસ – યુનિવર્સિટી ટોપટેન માં સંકુલ કોલેજ

**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**
સ્થળ:–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(મહિલા), ચક્કરગઢરોડ, અમરેલી -Ad 084

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૨૧ | ૧૪૨૬ |
| ૨ | મગફળી | ૭૫૦ | ૯૬૬ |
| ૩ | ઘઉં | ૫૬૧ | ૫૭૦ |
| ૪ | ચણા | ૧૦૫૨ | ૧૨૫૫ |
| ૫ | અડદ | ૧૧૯૦ | ૧૧૯૦ |
| ૬ | ધાણા | ૮૦૦ | ૧૨૦૦ |
| ૭ | વાલ | ૧૦૪૦ | ૧૦૪૦ |
| ૮ | સોયાબીન | ૬૦૦ | ૭૯૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૨૦ | ૧૪૮૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૧૪૦ | ૧૩૪૦ |
| ૩ | મગફળી જી ૨૦ | ૧૦૬૮ | ૧૧૬૨ |
| ૪ | મગફળી બી.ટી. | ૯૬૨ | ૧૦૫૮ |
| ૫ | અડદ | ૧૧૯૦ | ૧૨૧૦ |
| ૬ | ઘઉં | ૫૫૦ | ૬૦૦ |
| ૭ | તલ સફેદ | ૨૦૬૦ | ૨૨૯૦ |
| ૮ | જીરૂ | ૩૯૪૫ | ૪૩૫૫ |
| ૯ | સોયાબીન | ૭૭૫ | ૮૦૫ |
| ૧૦ | ચણા | ૧૧૭૦ | ૧૨૩૦ |

## જાહેર નોટિસ

**// મામલતદાર અને એકિઝક્યુટિવ મેજીસ્ટ્રેટ વડીયાની કોર્ટમાં //**

**અરજદારશ્રી :** શ્રી ધિરૂભાઈ રામજીભાઈ મુલાણી, રે.કુંકાવાવ મોટી, તા.વડીયા, જિ. અમરેલી — નં.મરણ નોંધણી/અરજી નં.૪૨/૨૦૨૪

**એડવોકટ – યોગેશ ડી. દવે, મો.૯૪૨૬૩ ૯૮૯૬૦**

**// વિરૂધ્ધ //**

**સામાવાળા :** ૧. તલાટી કમ મંત્રીશ્રી, કુંકાવાવ મોટી, તા.વડીયા

**જન્મ–મરણ નોંધણી અધિનિયમ–૧૯૬૯ની કલમ–૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા જાહેર નોટિસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, **અરજદારશ્રીના પુત્રીશ્રી સોનલ ધિરૂભાઈ મુલાણી નો જન્મ તા.૨૮/૦૨/૧૯૭૬ ના રોજ મુ. કુંકાવાવ મોટી, તા. વડીયા, જી. અમરેલી** મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટિસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન–૩૦ માં પોતે અથવા વકીલ મારફતે **મામલતદાર અને એકિઝક્યુટિવ મેજીસ્ટ્રેટની કચેરી વડીયા** ખાતે જરૂરી આધારા – પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા. ૧૯/૧૨/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કો કરી આપ્યા.

સિક્કો

**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ**
**વડીયા**

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૦૦ | ૧૪૫૨ |
| ૨ | મગફળી | ૮૦૨ | ૧૦૫૦ |
| ૩ | જુવાર સફેદ | ૬૯૫ | ૬૯૫ |
| ૪ | સોયાબીન | ૭૦૦ | ૭૬૧ |
| ૫ | મગ | ૨૦૦૦ | ૨૦૦૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૦૦ | ૧૧૩૦ |
| ૨ | ગીરનારી શીંગ | ૮૬૦ | ૧૩૫૦ |
| ૩ | શિંગ મોટી | ૮૨૦ | ૧૨૫૦ |
| ૪ | શિંગદાણા ફાડા | ૯૧૦ | ૧૧૭૦ |
| ૫ | તલ સફેદ | ૧૪૫૦ | ૨૭૯૫ |
| ૬ | તલ કાળા | ૩૯૪૦ | ૫૦૦૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૩૧૫૫ | ૩૨૯૧ |
| ૮ | બાજરો | ૫૬૧ | ૬૭૦ |
| ૯ | જુવાર | ૫૪૦ | ૭૪૮ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૫૬૧ | ૬૫૩ |
| ૧૧ | ઘઉં લોકવન | ૫૭૨ | ૬૧૮ |
| ૧૨ | મકાઈ | ૬૩૨ | ૬૩૨ |
| ૧૩ | અડદ | ૮૦૦ | ૧૬૫૦ |
| ૧૪ | ચણા | ૮૬૦ | ૧૩૦૪ |
| ૧૫ | તુવેર | ૧૦૦૦ | ૧૭૦૦ |
| ૧૬ | કપાસ | ૯૦૦ | ૧૪૬૫ |
| ૧૭ | એરંડા | ૧૧૬૯ | ૧૧૯૧ |
| ૧૮ | જીરૂ | ૧૬૫૦ | ૪૫૦૦ |
| ૧૯ | ધાણા | ૧૧૦૦ | ૧૪૩૮ |
| ૨૦ | મેથી | ૧૦૧૮ | ૧૦૮૬ |
| ૨૧ | સોયાબીન | ૫૩૦ | ૮૨૯ |
| ૨૨ | રજકાનુ બી | ૪૭૦૦ | ૪૯૦૦ |
| ૨૩ | મરચા લાંબા | ૪૮૦ | ૨૬૦૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૦૦ | ૧૦૬૧ |
| ૨ | શીંગ મોટી | ૧૦૫૧ | ૧૧૬૦ |
| ૩ | શીંગ ગીરનારી | ૧૨૦૦ | ૧૩૭૬ |
| ૪ | તલ સફેદ | ૨૧૧૭ | ૨૪૭૦ |
| ૫ | જીરૂ | ૩૬૨૫ | ૪૨૫૦ |
| ૬ | કપાસ | ૧૩૨૫ | ૧૪૫૩ |
| ૭ | ઘઉં લોકવન | ૫૩૦ | ૬૭૫ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૪૦ | ૬૭૧ |
| ૯ | બાજરો | ૫૧૧ | – |
| ૧૦ | જુવાર | ૫૧૧ | ૮૨૦ |
| ૧૧ | અડદ | ૭૦૦ | ૧૨૦૦ |
| ૧૨ | ચણા | ૧૦૫૦ | ૧૪૦૦ |
| ૧૩ | તુવેર | ૧૫૦૦ | ૧૮૪૨ |
| ૧૪ | ધાણા | ૧૦૫૦ | ૧૩૪૦ |
| ૧૫ | સોયાબીન | ૬૫૦ | ૭૭૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૪૭૫ |
| ૨ | ઘઉં લોકવન | ૫૦૦ | ૬૦૩ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૫૦ | ૬૨૧ |
| ૪ | મગ | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૫ | સોયાબીન | ૫૫૦ | ૭૭૨ |
| ૬ | મગફળી | ૭૧૦ | ૯૧૭ |
| ૭ | ચણા | ૯૯૦ | ૧૨૫૧ |
| ૮ | તલ સફેદ | ૧૭૬૫ | ૨૩૫૦ |
| ૯ | ધાણા | ૧૩૭૦ | ૧૪૧૬ |
| ૧૦ | મેથી | ૧૦૦૫ | ૧૦૦૫ |
| ૧૧ | અડદ | ૯૧૫ | ૧૪૧૬ |
| ૧૨ | શીંગદાણા | ૧૦૯૦ | ૧૧૨૨ |
| ૧૩ | લસણ | ૩૧૦૫ | ૩૧૦૫ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૫૧ | ૧૧૯૦ |
| ૨ | તલ સફેદ | ૨૦૫૦ | ૨૫૭૦ |
| ૩ | કપાસ | ૧૩૦૧ | ૧,૫૧ |
| ૪ | બાજરો | ૪૭૧ | ૫૯૦ |
| ૫ | ઘઉં ટુકડા | ૫૧૬ | ૬૬૬ |
| ૬ | જુવાર | ૬૦૫ | ૮૫૦ |
| ૭ | મગ | ૧૫૦૦ | ૧૭૬૬ |
| ૮ | મઠ | ૧૩૦૧ | ૧૩૦૧ |
| ૯ | અડદ | ૧૨૫૦ | ૧૭૦૧ |
| ૧૦ | તુવેર | ૧૪૪૦ | ૧૪૪૦ |
| ૧૧ | ચણા | ૯૮૧ | ૧૨૭૧ |
| ૧૨ | જીરૂ | ૪૩૦૦ | ૪૩૫૧ |
| ૧૩ | ધાણા | ૧૧૦૧ | ૧૩૦૧ |
| ૧૪ | સોયાબીન | ૬૦૧ | ૮૧૦ |

## જનતા જનાર્દનનાં કરોડો રૂપિયાનાં ખર્ચ બાદ યોગ્ય વળતર મળતુ નથી

# અમરેલી જિલ્લાની સમગ્ર શિક્ષા અભિયાનની કચેરીમાં અનિયમિતતા

**કેટલાક બીઆરસી ભવનમાં કર્મચારીઓ મનફાવે તે રીતે આવન-જાવન કરતાં હોવાની ચર્ચા**

**ફિલ્ડવર્ક કરવાનાં બદલે ભવનમાં બેઠા બેઠા અમુક કર્મીઓ વેતન મેળવી રહ્યા છે**

**બીઆરસી ભવનમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવે તેવી માંગ**

**ધારાસભ્ય અને સાંસદ ઓચિંતી મુલાકાત લે તો ચોંકાવનારી વિગતો બહાર આવે તેમ છે**

અમરેલી, તા.૧૯

સરકાર દ્વારા પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં વિકાસલક્ષી કાર્ય કરવા અને શિક્ષણની ગુણવતા સુધારવા માટે સમગ્ર શિક્ષા અભિયાનની શરૂઆત કરવામાં આવી હતી. દેશના તમામ રાજયોમાં સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત અનેક ગ્રાન્ટ શાળાને ફાળવવામાં આવે છે અને તેના અંતર્ગત વિવિધ પેટા વિભાગોમાં કાર્ય કરવામાં આવે છે.

સમગ્ર શિક્ષા હેઠળ બાંધકામ, વિકલાંગ બાળકોને શિક્ષણ, શાળા બહારના બાળકોના સર્વે કરી પુન : શાળામાં પ્રવેશ, કેજીબીવી સહિતની યોજના મારફત શિક્ષણની ગુણવતા સુધારવા સરકાર દ્વારા પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે. દરેક જીલ્લામાં સમગ્ર શિક્ષા અભિયાનની કચેરી પણ શરૂ કરવામાં આવી છે.પરંતુ જયારે જયારે કોઈ વ્યકિત કામ અર્થે અમરેલીની સમગ્ર શિક્ષા અભિયાનની કચેરીમાં જાય છે ત્યારે કચેરીનો ૫૦ ટકા ઉપરનો સ્ટાફ તો હાજર જ હોતો નથી અને હાજર કર્મચારીને પુછતા ''તે ફિલ્ડમાં છે'' તેવો જવાબ મળે છે. ખરેખર આ કર્મચારીઓ ફિલ્ડમાં છે કે નહી તે તપાસનો વિષય છે. જાણવા મળ્યા મુજબ વિભાગના ઉચ્ચ અધિકારીઓ અહી આરામ પણ ફરમાવવા આવે છે.

સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત દરેક તાલુકામાં બી.આર.સી. ભવન કાર્યરત કરેલ છે જેના હેઠળ સી.આર.સી., બી.આર.પી. નીપુણ, બી.આર.પી. એ.આર એન્ડ વી.ઈ., દિવ્યાંગ વિદ્યાર્થી માટે એજયુકેટર, ઓપરેટર, એમ.આઈ.એસ. સહિતના સ્ટાફની નિમણુંક કરવામાં આવેલ છે. પરંતુ આ સ્ટાફમાં સી.આર.સી.,બી.આર.પી.,એ.આર એન્ડ વી.ઈ જેમને ફિલ્ડ વર્ક કે શાળા મુલાકાત કરવાની છે તે કર્મચારી બી.આર.સી.ભવનમાં પડયા રહે છે અને બી.આર.સી. કો.ઓ.ના કામો કર્યા કરે છે. શાળા મુલાકાત કે ફિલ્ડ વર્ક કરતા નથી, તેમને આ મુલાકાત માટે મુસાફરી ભથ્થુ પણ ચુકવવામાં આવે છે.જયારે કેટલાક તાલુકામાં બી.આર.સી. અને ઓફિસ સ્ટાફ એમને મજા આવે ત્યારે કચેરીએ આવે છે અને જતા રહે છે, જાણે તેમની હાજરી તપાસનાર કોઈ હોય જ નહી તેમ પોતાની ઈચ્છા મુજબના સમયે ઓફિસે આવે છે અને જતા રહે છે.બી.આર.સી. કો.ઓ.પણ શાળાની મુલાકાત કરવાની હોય છે પરંતુ કેટલાક બી.આર.સી. શાળા મુલાકાત કરતા જ નથી.

અમરેલી સહિતના ઘણા બી.આર.સી. ભવનમાં સી.સી.ટી.વી લગાવવામાં આવેલ છે જો આ ચેક કરવામાં આવે અને તપાસ કરવામાં આવે તો કોણ કયારે ઓફિસ આવે છે, કેટલો સમય ફરજ બજાવે છે, જેમણે ફિલ્ડ વર્ક કરવાનું છે તે પણ ઓફિસમાં જ પડયા રહે છે તે બધુ બહાર આવી શકે છે. સરકારનો પગાર લઈ પોતાની ફરજમાં બેદરકારી દાખવતા આવા કર્મચારી ઉપર જો પગલા લેવામાં આવે અને યોગ્ય દેખરેખ કરવામાં આવે તો શિક્ષણમાં સુધારો લાવી શકાય અને સરકારના પૈસા લેખે લાગે.

---

## ઔદ્યોગિક એકમો અને દરિયાઇ કાંઠા વિસ્તારોમાં

# આપત્તિ સર્જાય તે અગાઉ રાખવાની સાવચેતી અને તૈયારીઓના આયોજન અર્થે બેઠક યોજાઇ

**આપત્તિની સ્થિતિમાં તંત્ર દ્વારા રાહત-બચાવની કામગીરી માટે પરામર્શ**

અમરેલી, તા.૧૯

રાજય અને કેન્દ્ર શાસિત પ્રદેશમાં આવેલા ઔદ્યોગિક સંસ્થાઓ હોય તેવા સ્થળો અને દરિયાઇ કાંઠો ધરાવતા વિસ્તારોમાં કેમિકલ ડિઝાસ્ટર કે અન્ય આપત્તિ સર્જાય તો તેવા સમયે હાથ કરવાની કાર્યવાહી અને તે માટેની તૈયારી તેમજ વિવિધ કચેરીઓના આંતરિક સંકલન અર્થે આગોતરી તૈયારી કરવાના ભાગરૂપે રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન તંત્ર દ્વારા વિડિયો કોન્ફરન્સના માધ્યમથી બેઠક રાખવામાં આવી હતી.

દરિયાઇ વિસ્તારમાં થતી વનસ્પતિ અને તે વનસ્પતિને નુકશાન થાય તો તેના નિકાલ, પ્લાસ્ટિક કે અન્ય ચીજવસ્તુઓ હોય તો તેનો નિકાલ અને સફાઇ, પીવાના પાણી, વીજળી, ન હોય તો મોબાઇલ જનરેટર સહિત પ્રાથમિક સુવિધાઓ વિશે આગોતરૂ આયોજન થઇ શકે તે માટે વિવિધ કચેરીઓનું સંકલન અને પરામર્શ કરવામાં આવ્યો હતો.

આવી આપત્તિ આવે તેવા સંજોગોમાં કાર્યવાહી કરનારાઓને હાથ-પગના રક્ષણ માટેના ગ્લોવ્ઝ, બુટ, માસ્ક અને રક્ષણાત્મક જેકેટ સહિતની ચીજવસ્તુઓ આપવી. સેવાભાવી સંસ્થાઓનો સહકાર અને મદદ મેળવવી. આપત્તિની ઘટના બને ત્યારે બાળકો, સ્ત્રીઓ, દિવ્યાંગ, બિમાર વ્યકિતઓ હોય તો તેમને સ્થળાંતરિત કરવા. નાગરિકોને સ્થળાંતરિત કરવામાં આવે તેવા સ્થળોએ જવાબદારી અને ફરજ સોંપવી. માર્ગ પર ટ્રાફિક ન થાય તે માટે જરૂરી કાર્યવાહી હાથ ધરવી.

સ્થળની સ્થિતિ હોય તે મુજબ ચોપરને લેન્ડ કરવું, વૈકલ્પિક માર્ગ પસંદ કરવાનો થાય તો તેવા માર્ગ અને પગદંડી હોય અને માર્ગ ન હોય તેવા રસ્તાઓ હોય તો તેને વિશે વિગતો એકઠી કરવી.

આવી સ્થિતિમાં નાગરિકો જાગૃત્ત રહે અને બચાવ કાર્યના સહકાર માટે આગળ આવે, અફવાઓ ન ફેલાય અને અફવાઓ હોય તો તે અફવાઓની સામે ખરી હકીકત અને વિગતો નાગરિકોને મળી રહે. નાગરિકોને રાખવાની સાવચેતી અને કાળજીના પગલાઓ જાહેર કરવામાં આવે.

વિવિધ કચેરીઓ અને વિભાગને કરવાની થતી કાર્યવાહી માટેની તેમની ભૂમિકા અને સંસાધનોની ઉપલબ્ધિ વિશે અવગત થઇ શકાય તેમજ આકસ્મિક ઘટના બને તેવા વિસ્તાર અને તેના આજુબાજુ નજીકના વિસ્તારોના આરોગ્ય પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને તેનું અંતર કેટલું છે તે બાબતોથી વાકેફ થઇ શકાય તે ઉદેશ્ય સાથે યોજવામાં આવેલી આ બેઠકમાં રાજુલા-જાફરાબાદ પ્રાંત અધિકારી, મામલતદાર, આપત્તિ વ્યવસ્થાપન, તાલુકા વિકાસ અધિકારી, ઔદ્યોગિક સલામતી કચેરી, જાફરાબાદ, રાજુલા, અમરેલી નગરપાલિકા ચીફ ઓફિસર, આરોગ્ય અધિકારી, પોર્ટ, મત્સ્યોદ્યોગ, કોસ્ટ ગાર્ડ સહિત વિવિધ વિભાગ-કચેરીઓના અધિકારી કર્મયોગીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

દેશભરના વિવિધ રાજય અને કેન્દ્ર શાસિત પ્રદેશમાં ફરજ બજાવતા વિવિધ કચેરીઓના અધિકારઓ, કર્મચારીઓ સહિતના જોડાયા હતા.

---

## ડો. મહેન્દ્ર પવાર અને ડો. કાંતિલાલ ટંડેલે

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી સંસ્કૃત વિષયમાં પીએચડીની પદવી મેળવી

**અમરેલીનાં ઈન્ચાર્જ પ્રિન્સીપાલનું પ્રેરક માર્ગદર્શન**



અમરેલી, તા. ૧૯

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટમાંથી પવાર મહેન્દ્રભાઈ ઈન્દ્રભાઈએ સંસ્કૃત વિષયમાં ''પ્રમુખ ઉપનિષદો કા સમાજશાસ્ત્રીય એવં માનવશાસ્ત્રીય અધ્યયન''એ વિષય ઉપર સંશોધન કરીને પીએચડી.ની ગરિમાપૂર્ણ પદવી પ્રાપ્ત કરી છે. ઉપનિષદ સાહિત્યનું સામાજીક અને માનસશાસ્ત્રીય ક્ષેત્રમાં મૂલ્યનિષ્ઠ વિશેષ યોગદાન રહ્યું છે. વર્તમાન સમયની તનાવભરી અને માનસિક અસંતુષ્ટ જીવનશૈલી સેંકડો લોકો વ્યસન તેમજ આત્મહત્યા જેવા માર્ગો અપનાવી અમૂલ્ય જીવન બરબાદ કરી રહ્યા છે ત્યારે ઉપનિષદોમાં સંતુષ્ટિ, આધ્યાત્મિકતા, મૂલ્યનિષ્ઠા પ્રમાણિકતા, સદાચાર વગેરેનું ખૂબજ સચોટ અને અસરકારક નિરૂપણ કરવામાં આવ્યું છે. પ્રસ્તુત શોધગ્રન્થમાં વર્તમાન ઉપયોગિતા સાથે ઉમદા સંશોધન કાર્ય કરવામાં આવ્યું છે.

એ જ રીતે ડો. કાંતિલાલ રવજીભાઈ ટંડેલ દ્વારા ''શાંડિલ્ય ભકિતસૂત્ર, નારદ ભકિતસૂત્ર એવં ભકિતરસામૃત સિન્ધુ કા તુલનાત્મક અધ્યયન'' એ વિષય ઉપર સંશોધન કરીને પીએચ.ડી.ની. ગૌરવપૂર્ણ પદવી પ્રાપ્ત કરી છે. ભકિત શબ્દના વિવિધ અર્થો, વેદથી શરૂ કરી આધુનિક વેબ સુધીમાં ભકિતનું મહત્વ, ભકિતના પ્રકારો, ભકિતયુકત જીવન અને વ્યકિત નિર્માણથી રાષ્ટ્રનિર્માણ સુધીની વિકાસયાત્રાને સચોટ રીતે વર્ણવામાં આવી છે. પ્રસ્તુત બન્ને વિદ્યાર્થીઓને માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટસ કોલેજના સંસ્કૃત વિષયના ગોલ્ડમેડાલિસ્ટ પ્રાધ્યાપક તથા ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડો.બી.આર.ચુડાસમા દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું ગાઈડ તથા વિદ્યાર્થીને અમરેલી જિલ્લા વિદ્યાનસભાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, કિશોરભાઈ મહેતા, ચતુરભાઈ ખુંટ, કેમ્પસ ડાયરેકટર વી.એન.પેથાણી તથા સમગ્ર સ્ટાફમિત્રો, ટ્રસ્ટીઓ તથા વિદ્યાર્થીનીઓ તરફથી ખૂબ ખૂબ શુભેચ્છાઓ અને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

---

# સાવરકુંડલા : લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર ખાતે એકસાથે ચાર કેમ્પ યોજાયા

સાવરકુંડલા, તા. ૧૯



સાવરકુંડલામાં વિદ્યાગુરૂ ફાઉન્ડેશન સંચાલિત લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર દ્વારા નિઃશુલ્ક પણે ચાર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પ્રથમ કેમ્પમાં કુત્રિમ હાથ પગ બનાવવા માટે દિવ્યાંગ મુકત ભારત જે જયપુરની સંસ્થા છે તેના સહયોગથી ત્રણ દિવસ માટે માનવસેવા યજ્ઞ કાર્યરત હતો જેમાં ૭૦ થી વધુ દર્દીઓ માટે કૃત્રિમ હાથ પગ બનાવવામાં આવ્યા છે અને બીજા કેમ્પમાં કાન, નાક ગળાના સર્જન ડોકટર પાર્થ હિંગોલ જે રાજકોટ એસસીજી હોસ્પિટલમાંથી આવીને ૧૦૦થી વધુ દર્દીઓને તપાસીને માર્ગદર્શન આપેલ છે.જયારે ત્રીજા કેમ્પમાં HCG હોસ્પિટલ રાજકોટના પ્રખ્યાત કેન્સર સર્જન ડો.મિતેશ ખૂંટ ૨૫થી વધુ દર્દીઓનું નિદાન કરેલ અને તેમની સાથે સાવરકુંડલા લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરમાં સેવા આપતા ડો, રોહિત ચોંડીગરા સાથે જોડાયા હતા. ચોથો કેમ્પ જેમાં સુરતના પ્રખ્યાત યુરોલોજીસ્ટ ડો. અમિત પોલરા જે ખાસ કરીને સુરતથી સાવરકુંડલા આવીને દર્દીઓનું નિદાન કરેલ અને આઠ જેટલા જટિલ ઓપરેશન કરેલ છે. ચારેય કેમ્પનો સાવરકુંડલા તથા આજુબાજુના ગામના દર્દીનારાયણે ખૂબ સારો લાભ અને સારવાર લીધેલ તેમ લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરના કાર્યનિષ્ઠ મેડિકલ સુપ્રિટેન્ડેન્ટ ડોકટર પ્રકાશ કટારીયાના સંપૂર્ણ માર્ગદર્શન હેઠળ આ કેમ્પ ખૂબ સફળ રહ્યો હતો. એમ યોગેશ ઉનડકટની એક યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

---

## કમોસમી વરસાદનું કૃષિ રાહત પેકેજ આપી

# કપાસનાં ટેકાનાં ભાવ પ્રતિ ૨૦ કિલો ૨ હજાર જાહેર કરો

**જિલ્લા પંચાયતનાં સદસ્ય વિપુલ દુધાતની માંગ**

અમરેલી, તા. ૧૯



અમરેલી જિલ્લા પંચાયતના સદસ્ય વિપુલ દુધાતે ધારાસભ્ય મહેશ કસવાલાને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે ખેડૂતો વરસાદ આધારિત ખેતી કરે છે અને ખેતીની આવકમાંથી આખુ વર્ષ પોતાના પરિવાનું જીવન નિરવાહ, બાળકોનું શિક્ષણ અને પરિવારના સામાજીક પ્રસંગો/વ્યવહારો કરે છે પરંતુ સપ્ટેમ્બર-ઓકટોબર માસમાં વધારે પ્રમાણમાં માવઠા (કમોસમી વરસાદ) થવાથી તમામ ખેડૂતોએ વાવણી કરેલ પાકો કપાસ, સિંગ (માંડવી), તલ અને ચોમાસુ પાકો ઉપજ લઈ શકાય તેવા રહ્યા નથી અને ખેડૂતોએ ખેડ, દવા, બીયારણ, ખાતર અને મજુરી વિગેરેનો એક વિઘા દીઠ અત્યાર સુધીમાં સરેરાશ રૂા. ૮,૦૦૦/- થી વધારે ખર્ચ કરેલ છે જે ખેડુતો તથા મજુર વર્ગને ખુબ જ મોટા પ્રમાણમાં આર્થિક નુકશાન થયેલ છે તથા ખેડૂતોના ઉજવળ ભવિષ્ય માટે આવકનો સ્ત્રોત ફકત ખેતી હોય છે અને સરકાર દ્વારા ખેડુતોની આવક બમણી થાય તેવા અનેક પ્રયાસ કરી રહી છે પરંતુ હાલમાં કપાસનો ભાવ ૧ મણ (વીસ કિલો) ૧૪૦૦૦/-ની આસપાસ મળી રહ્યો છે જેથી જગતના તાત એવા ખેડુતના હિતમાં કપાસના ટેકાના ભાવ ૧ મણ (વિસ કિલો)ના રૂા. ૨૦૦૦/- તથા માવઠા (કમોસમી વરસાદ)નું બાકી તત્કાલ કૃષિ રાહત/વળતર પેકેજ જાહેર કરવા અંતમાં માંગ કરેલ છે.

---

## ઘર વપરાશનું પાણી ભરાયા બાદ

# બાબરામાં પાણીનો બગાડ કરનાર વિરૂધ્ધ કાર્યવાહી કરવાની ચીમકી

**નળનો વાલ્વ બંધ કરવા પ્રમુખનો અનુરોધ**

બાબરા, તા. ૧૯

બાબરા શહેરમાં મોટાભાગના વિસ્તારમાં લોકો ઘર ઉપયોગ પીવાનું પાણી ભરાય પછી બઝારોમાં સાફ કરવા તેમજ ગાડી અને અને દીવાલ સાફ કરી પાણીનો બગાડ કરી રહ્યાનું નગરપાલિકાના ધ્યાને આવતા પાલિકા હરકતમાં આવી છે અને લોકોને પાણીનો બગાડ અટકાવવા જરૂરી નિર્દેશ અને સૂચનો કરવામાં આવ્યા છે. શહેરમાં લોકો બીનજરૂરી પાણીનો બગાડ કરશે તો કડક કાર્યવાહીનાં નિર્દેશ પણ આપ્યા છે.

નગરપાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર દ્વારા બાબરા શહેરના તમામ નગરજનોને જાણ કરવામાં આવે છે કે,

બાબરા નગરપાલિકા દ્વારા આપવામાં આવતું પાણી ઘરે ભરાય જાય એટલે પોતાનાં નળનો વાલ્વ બંધ કરી દેવો અને પાણી લાઈન લઈ અને ઘરની બહાર જાહેર માર્ગો પર કે શેરીમાં ઢોળ શો નહીં અન્યથા નગરપાલિકા દ્વારા દંડનિય કાર્યવાહી કરવામાં આવશે.

---

# ડુંગર-કથીવદર માર્ગ ઉપર જુગાર રમતાં ૪ પત્તાપ્રેમી ઝડપાયા

અમરેલી, તા. ૧૯

રાજુલા તાલુકાના ડુંગર ગામે રહેતા દોસ્તમહમદભાઈ અલારખભાઈ ગાહા, હાજીભાઈ ભીખાભાઈ કનોજીયા, ફારૂકભાઈ દાદભાઈ સમેજા તથા મહુવા તાલુકાના મોટા આસરાણા ગામે રહેતા ઈસ્માઈલભાઈ તાજુભાઈ ગાહા સહિતના ચારેય ઈસમો ડુંગરથી કથીવદર રોડ ઉપર દોસ્તમહમદભાઈ અલારખભાઈ ગાહાની વાડી પાસે ગૌચરાણમાં બાવળની ઝાડીમાં જાહેરમાં જુગાર રમતા રોકડ રૂપિયા ૧૦,૪૧૦ સાથે ચારેય ઈસમો ઝડપાય જતાં પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

---

# બાબાપુરમાં ત્રિભાષા દર્શનમ્ ૬૦ મી વિદ્યાર્થી શિબિરનો દબદબાભેર પ્રારંભ




તસ્વીર : હસમુખ રાવળ-બાબાપુર

શ્રી સર્વોદય સરસ્વતી મંદિર બાબાપુરમાં અમર શહીદ શ્રદ્ધેય પૂ. લાલજી ગુઢજી તથા સ્વ પૂજય બાલુકાકા તેમજ પૂજય દાદા (ગુણવંતરાય પુરોહિત) અને પૂજય મોટા બા (હસુમતીબેન પુરોહિત) ની પાવન સ્મૃતિમાં આનાંદાર્થે ત્રિભાષા દર્શનમ ૬૦ મી વિદ્યાર્થી શિબિરનો ઉદ્‌ઘાટન તા. ૧૯- ૧૨-૨૦૨૪ ના રોજ કરવામાં આવ્યું. શિબિરની શરૂઆતમાં સરગમ ગ્રુપ દ્વારા ગીત રજૂ કરી દીપ પ્રાગટ્ય સંસ્થાના પ્રમુખશ્રી આદરણીય વસંતભાઈ પરીખ દ્વારા કરવામાં આવ્યા. શરૂઆતમાં સંસ્થાના મંત્રી મોહનભાઈ વાળા દ્વારા આવકાર પ્રવચન તથા શિબિરનું મહત્વ સમજાવી સંસ્થામાં સેને આવકાર્યા, શિબિરમાં સંસ્થાના નિયામક આદરણીય મંદાકિનીબેનજી. પુરોહિત હાજર રહ્યા શિબિર ત્રણ દિવસીય હોય. જુદા-જુદા જૂથમાં કાર્ય કરવામાં આવશે જેવા કે રિવર ક્રોસિંગ, રાયફલ શૂટિંગ, ત્રિભાષા હિન્દી, ગુજરાતી અને સંસ્કૃત દર્શનમ્ ભાષાઓનો અને પ્રાચીન ઋષિમુનિઓથી પરિચિત થાય તે માટે વિદ્યાર્થીઓને જુદા જુદા જૂથમાં જૂથ કાર્યો કરવામાં આવેશે, સવારે વિદ્યાર્થીઓને યોગ પ્રાણાયામ સાંજે સમૂહ રમતો, રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમ કરવામાં આવશે આજના દિવસે સમારોહના ઉદ્‌ઘાટન વસંતભાઈ પરીખ દ્વારા વિદ્યાર્થીઓને ઉદબોધન કરવામાં આવ્યું. વિદ્યાર્થીઓને ત્રણેય ભાષાનું મહત્વ સમજાવી આત્મીયતા કેળવવા માટે ગુજરાતી ભાષા સંસ્કૃત સ્વર્ગની સીડી જેવી ભાષા અને હિન્દી પ્રેમની ભાષા સારા ભાવ તરીકે ઓળ ખાવી ભાષાના આત્મસાત કરવાની આહવાન કર્યુ કાર્યક્રમના અંતમાં વડેરા હાઈસ્કુલ ના પ્રિન્સિપાલ મુકુંદભાઈ મહેતા દ્વારા આભાર વિધિ કરવામાં. શિબિરમાં સંસ્થા સંચાલિત ૧૬ શાળાના વિદ્યાર્થીઓએ ભાગ લઈ રહ્યા છે, જૂથ સંચાલન શાળાઓના ભાષા શિક્ષકો દ્વારા કરવામાં આવી રહ્યાં છે, સમગ્ર શિબિરનું સંચાલન સંસ્થાના મંત્રી મુકેશભાઈ રાજયગુરૂ દ્વારા કરવામાં આવે છે.




### આમ આદમી પાર્ટીએ કલેક્ટર મારફત પ્રધાનમંત્રીને આવેદનપત્ર પાઠવ્યુ

# ભાઈ સા'બ : અમરેલી સહિત રાજયભરનાં હીરા ઉધોગને આર્થિક પ્રોત્સાહન આપીને રત્ન કલાકારોની મુશ્કેલીઓ દુર કરો

## દેશની જી.ડી.પી.માં ૭ ટકાનું યોગદાન આપનાર હીરા ઉધોગ મંદીમાં સપડાયો

અમરેલી, તા. ૧૯

અમરેલી જિલ્લા આમ આદમી પાર્ટીએ જિલ્લા કલેકટર મારફત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને આવેદનપત્ર પાઠવેલ છે.

આવેદનપત્રમાં જણાવેલ છે કે દેશની જી.ડી.પી.મા સાત ટકાનુ યોગદાન આપનાર અને વિના જેમ્સ એન્ડ જવેલરી માર્કેટમા ૬.૪૮ બીલીયન અમેરીકન ડોલરના ધંધા સાથે માર્કેટનો ૨૯ ટકા હિસ્સો ધરાવનાર તથા ભારતમાથી કુલ નિકાસના ૧૫.૭૧ ટકા હીસ્સો ધરાવનાર હીરા ઉદ્યોગ દેશનો સૌથી મહત્વનો અને ભારતની પ્રતિષ્ઠામા વધારો કરનાર ઉધોગ છે.

વધુમાં જણાવેલ છે કે ગુજરાતમાં અંદાજે સતર લાખ કલાકારો છે. જેમાથી દીવાળી બાદ બે લાખથી વધારે રત્નકલાકારોએ પોતાની નોકરી ગુમાવી છે. ઘણીખરી ફેક્ટરીઓ બંધ પણ થઈ ચુકેલ છે. અને છેલ્લા અઢાર મહીનામાં પીસતાલીસ કરતા પણ વધારે રત્ન કલાકારોએ આત્મહત્યા કરેલ છે. ગુજરાતનો મોંઘવારી દર ભારતદેશની અંદર સેથી વધારે છે અને છેલ્લા સાંઠ વર્ષમા કયારેય ન જોયેલી મંદી અત્યારે હીરા ઉધોગમા ચાલી રહી છે. તો રત્ન કલાકારોને પોતાનુ ઘર ચલાવવુ અને બાળકોને ભણાવવા ઉપરાંત પરીવારનું ગુજરાન ચલાવવુ મુશ્કેલ બન્યુ છે તેનાથી પીડાય ઘણાખરા રત્નકલાકારો વ્યાજના વિષ ચક્રમા ફસાય આત્મહત્યા તરફ વળ્યા છે.



વધુમાં જણાવેલ છે કે આ વખતના બજેટમા હીરા ઉધોગે સરકાર પાસે રાહત પેકેજની આશા રાખી બેઠો હતો. પરંતુ સરકારે હીરા ઉધોગ બચાવવા માટે કોઈ પગલા લીધેલ નથી. દેશમા આજે અન્ય ક્ષેત્રમાપણ કોઈ નોકરીની તકો નથી જો આ ખરાબ સમયમા નાના વેપારી અને રત્નકલાકારો ટકી જશે તો આવનારા દીવસોમા આ ઉધોગને ફરી ઉભો કરી દેશે. જો આમા મહેનતુ રત્નકલાકાર કોઈ અવળા રસ્તે જશે તો તે ગુજરાત, તે સમાજ અને તેમના પરિવાર માટે કપરો સમય થશે.

હીરા ઉધોગને ટકાવી રાખવા માટે (૧) રત્નકલાકારોને અને નાના વેપારીઓને દર મહીને દશ હજારની સહાયની રકમ આગામી એક વર્ષ માટે આપવામા આવે. (૨) રત્નકલાકાર કલ્યાણ આયોગની રચના કરી કામદાર અધીકાર કાયદા પ્રમાણેના લાભો આપવામા આવે તથા જરૂરી કૌશલ્ય વિકાસ કાર્યક્રમો ચલાવવામા આવે. (૩) રત્નકલાકાર પર સ્થાનિક મહાનગરપાલીકા તેમજ નગર પાલીકાના વ્યવસાય વેરો નાબુદ કરવામા આવે.

જો નાનો રત્નકલાકાર તથા નાનો વેપારી ટકી રહેશે. તો ઉધોગ ટકી જશે. તો આ સંકટના સમયમાં હીરા ઉધોગને બચાવી રત્ન કલાકારોને બચાવી લેવા અંતમાં માગ કરેલ છે.



















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI.(Gujarat)